RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 262* Date: 12 .07.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# હિમાચલ-ઉત્તરાખંડ સહિત ૫ રાજ્યમાં ભારે વરસાદ








હિમાચલ, ઉત્તરાખંડ, દિલ્હી, યુપી અને પંજાબમાં ૬ દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે. હિમાચલમાં ૨૪ કલાકમાં ૩૯ જગ્યાએ ભૂસ્ખલન થયું છે. બિયાસ નદીના વહેણને કારણે ઈમારતો તણાઈ ગઈ હતી તેમજ પુલ તૂટી ગયો હતો.છેલ્લા ૭૨ કલાકમાં દેશનાં વિવિધ રાજ્યોમાં ૭૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. યુપીમાં ૩૪, હિમાચલમાં ૨૦, જમ્મુ-કાશ્મીરમાં ૧૫, દિલ્હીમાં પાંચ, રાજસ્થાન અને હરિયાણામાં એક-એકનાં મોત થયાં છે.દિલ્હીમાં યમુના નદીનું જળસ્તર ખતરાના નિશાનને પાર થઈ ગયું છે. મંગળવારે સવારે ૮ વાગ્યા સુધી નદીનું પાણી ૨૦૬.૩૨ મીટરે વહી રહ્યું હતું. ૧૯૭૮માં, સૌથી વધુ ૨૦૭.૪૯ મીટર સુધી પહોંચી ગયુ હતું.ઉત્તર-પશ્ચિમ ભારતમાં ૬ દિવસથી અવિરત વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ છે. હિમાચલ, ઉત્તરાખંડ, દિલ્હી, યુપી અને પંજાબ સહિત દેશભરમાં વરસાદને કારણે અત્યાર સુધીમાં અનેક લોકોના મોત થયા છે. જ્યારે, છેલ્લા ૨૪ કલાકમાં, સાત રાજ્યોમાં ભૂસ્ખલન અને પૂરની વિવિધ ઘટનાઓમાં ૫૬ લોકોના મોત થયા છે. સૌથી વધુ ૩૪ મોત થયાં છે.હિમાચલમાં સૌથી ખરાબ સ્થિતિ છે. અહીં ૩ દિવસમાં ૧૨ ઈંચ વરસાદ પડ્યો, જે સામાન્ય કરતાં ૧૦ ગણો વધારે છે. અહીં પહાડો ધસી રહ્યા છે. ભૂસ્ખલનથી મકાનો અને પુલ તૂટી રહ્યાં છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં રાજસ્થાન-એમપી સહિત ૨૪ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. ૧૨ જુલાઈ સુધી, હિમાચલના ૧૨માંથી ૧૦ જિલ્લામાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.પીએમ નરેન્દ્ર મોદીએ પૂર અને વરસાદની સ્થિતિને લઈને મંત્રીઓ અને અધિકારીઓ સાથે વાત કરી હતી. પીએમઓના જણાવ્યા અનુસાર, વહીવટીતંત્ર અને એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમ બચાવ કાર્યમાં લાગેલી છે.૧૦ જૂને, જ્યાં સમગ્ર દેશમાં ૬૦% વરસાદની ઘટ હતી, તે હવે સામાન્ય કરતાં ૨% વધુ છે. દેશનો કુલ વરસાદ હવે સામાન્ય કરતાં વધુ છે. ૯ જુલાઈ સુધી સામાન્ય વરસાદ ૯.૪ ઈંચ હતો. હવે આંકડો એને વટાવીને ૯.૫ ઈંચ થઈ ગયો છે, જે ૨% વધુ છે.વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ઉત્તર ભારતમાં ચોમાસામાં છેલ્લા ત્રણ દિવસથી મુશળધાર વરસાદ થયો છે. બંને મોટી હવામાન સિસ્ટમ હિમાચલમાં ટકરાઈ હોવાથી સૌથી વધુ અસર ત્યાં જોવા મળી હતી. જ્યારે પણ ચોમાસું અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ મળે છે ત્યારે દેશના પશ્ચિમ હિમાચલ વિસ્તારમાં ભારે વરસાદ પડે છે.

## જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાને પડકારતી અરજીઓ પર ૨ ઓગસ્ટથી શરૂ થશે સુનાવણીઃ સુપ્રીમ કોર્ટ



સુપ્રીમ કોર્ટે આજે જમ્મુ અને કાશ્મીરમાં આર્ટીકલ ૩૭૦ નાબૂદ કરવા સંબંધિત અરજી અંગેની સુનવણી ૨ ઓગસ્ટથી શરુ થશે તેવો નિર્દેશ આપ્યો હતો. ઝત્તેંએ કહ્યું કે, ૨ ઓગસ્ટથી સુનાવણી આ મામલે સુનાવણી શરુ થશે અને સોમવાર અને શુક્રવાર સિવાય દરરોજ સવારે ૧૦.૩૦ વાગ્યાથી સુનાવણી હાથ ધરવામાં આવશે. ૫ મે, ૨૦૧૯ ના રોજ કેન્દ્રએ જમ્મુ અને કાશ્મીરના અગાઉના રાજ્યનો વિશેષ દરજ્જો રદ કર્યો અને તેને જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યો હતો.આજે ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડના નેતૃત્વમાં પાંચ જજોની બંધારણીય બેન્ચ સુનાવણી હાથ ધરી હતી. સુનાવણીના એક દિવસ પહેલા કેન્દ્રએ બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરવાના બચાવમાં એફિડેવિટ દાખલ કરી હતી.ગઈકાલે કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી જમ્મુ અને કાશ્મીરના સમગ્ર ક્ષેત્રમાં ×અભૂતપૂર્વ× શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ જોવા મળી છે. કેન્દ્રએ કહ્યું કે, આતંકવાદીઓ અને અલગતાવાદી નેટવર્ક દ્વારા આચરવામાં આવતી હિંસા હવે ભૂતકાળની વાત છે.

## ઈડરમાં આભ ફાટતા અનેક વિસ્તારો બેટમાં ફેરવાયા



રાજ્યમાં કેટલાક ભાગોમાં મેઘમહેર થતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા ત્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૩ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે જેમા ઈડરમાં આભ ફાટ્યું હતું જેના પગલે અનેક વિસ્તારો બેટમાં ફેરવાયા હતા.

રાજ્યમાં વરસાદનો બીજો રાઉન્ડ ચાલી રહ્યો છે ત્યારે કેટલાક વિસ્તારોમાં વરસાદે તોફાની બેટિંગ કરી હતી જેના કારણે અનેક જગ્યાએ પાણી ભરાયા હતા. આ સિવાય ભારે વરસાદને પગલે પાણીની આવક થતા નદી, નળા સહિત ડેમો છલકાઈ ગયા હતા. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકની વાત કરવામાં આવે તો ૧૯૩ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે જેમાં ઈડરમાં આભ ફાટ્યું હતું અને ૬ ઈંચ વરસાદ ખાબકી ગયો હતો જેના કારણે અનેક વિસ્તારો બેટમાં ફેરવાય ગયા હતા. આ સાથે જ રાજ્યના ૨૧ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. આ સિવાય રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો સરેરાશ વરસાદ ૪૪ ટકા થયો. રાજ્યમાં પડેલા ભારે વરસાદને પગલે અનેક જળાશયોમાં નવા નીર આવ્યા છે ત્યારે અનેક ડેમને હાઈએલર્ટ પર મૂકવામાં આવ્યાં છે. રાજ્યના ૨૦૬ ડેમમાંથી ૩૭ ડેમને હાઈએલર્ટ પર જ્યારે ૧૩ ડેમ એલર્ટ પર તેમજ ૧૫ ડેમને વૉર્નિંગ આપવામાં આવી છે.ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદના બીજા રાઉન્ડમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો સરેરાશ ૪૪ ટકા વરસાદ નોંધાયો છે જેમાં સિઝનનો સૌથી વધુ વરસાદ કચ્છમાં ૧૧૨ ટકા પડ્યો છે. જ્યારે સૌરાષ્ટ્રમાં સિઝનનો સરેરાશ ૬૩ ટકા વરસાદ પડ્યો છે. આ સિવાય ઉત્તર ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૪૫ ટકા અને દક્ષિણ ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૩૨ ટકા વરસાદ નોંધાયો છે.



રોટરી ક્લબ ઓફ બોરીવલી દ્વારા પ્રમુખ રશ્મિકાંત સંઘવી, સેક્રેટરી કેતલ તાપિયાવાલા, ડિરેક્ટર હેતલ પાઠક, હરીશ ચંદારાણા, સોનલ ચંદ્રા ચંદારાણા, આશા સંઘવી, કેતન શાહ, અજીત વસાણી ના પ્રયાસ થી અને પ્રફુલ જોબનપુત્રા ના અનુદાન અને જ્ઞાન પ્રકાશ ત્થા રાજેન્દ્ર કિનારીવાલા મેમોરિયલ રોટરી બોરીવલી એજ્યુકેશન સેંટર ના સહકાર થી કાન્દિવલી વેસ્ટ મા બજાજ સ્કૂલ મા હિન્દી મીડિયમ ના ધોરણ ૯ ના વિદ્યાર્થી માટે ઈંગ્લિશ ગણિત અને વિજ્ઞાનના કોચિંગ ક્લાસ શરૂ કરવામા આવ્યા

## અમદાવાદના કેનીલ આચાર્યએ સ્ટેટ લેવલ કરાટે ટ્રનામેન્ટ મા બ્રોન્ઝ મેડલ મેળવ્યો



આણંદ ખાતે આવેલ યુગપુરુષ સ્વામી વિવેકાનંદ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ મા ઓલ ગુજરાત ઓપન કરાટે ચેમ્પિયન્સીપ નુ ૭ થી ૯ જુલાઈ ૨૦૨૩ આયોજન કરવામાં આવ્યુ છે. અમદાવાદ ના ૭ વર્ષ ના કેનીલ આચાર્ય એ સ્ટેટ લેવલ કરાટે ટ્રનામેન્ટ મા ફાઈટ કરી બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. કેનીલ કરાટે મા હાલમાં ઓરેન્જ બેલ્ટ ધરાવે છે . જાણવા જેવી વાત એ છે કે કેનીલ ને માત્ર ૫ મહીના જ થયા છે કરાટે કલાસમાં ટ્રેનીગ લેતા.અને આ કેનીલની પ્રથમ ફાઈટ હતી. તેમ છતાં ઓછા સમયમાં મેહનત કરી સિધ્ધી મેળવી.આનંદ નગર અને જીવરાજ ખાતે સીટો રયૂ કરાટે સ્પોર્ટ્સ એકેડેમી મા ટ્રેનીગ ચાલુ છે અને કે નીલ અપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ મા અભ્યાસ કરી રહયો છે. કેનીલ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર પણ છે અને ગત વર્ષે જ અમદાવાદ ના મેયર શ્રી ના હાથે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.




રોટરી ક્લબ ઓફ બોરીવલી દ્વારા પ્રમુખ રશ્મિકાંત સંઘવી, સેક્રેટરી કેતલ તાપિયાવાલા, નરેન્દ્ર શાહ, મહેંદ્ર વસાણી,આશા સંઘવી, કેતન શાહ, ડોક્ટર ધર્માજી શિંદે તેમજ ચેતના શિંદે ના પ્રયાસ થી અને પ્રતીક શાહ અને સંજય મેહતા એમ ટી સી ગ્રુપ ના સહકાર થી વિક્રમ ગઢ તાલુકાના તલવાડા ગામ ની આદિવાસી આશ્રમ શાળા મા ધોરણ ૧ થી ૧૨ સુધી ના નિવાસી ત્થા અનિવાસી ૧૨૦૦ વિદ્યાર્થી માટે ૮ જુલાઈ એ ચપલ વિતરણનુ આયોજન કર્યું હતું

તંત્રી લેખ......

# બંગાળની બદકિસ્મત

બંગાળમાં જો ચૂંટણી કોઈપણ હિંસા વગર પૂરી થઈ જાય તો અચરજ જ થાય. બંગાળની પંચાયત ચૂંટણીમાં મતદાનના દિવસે જેવી ભીષણ હિંસા થઈ, તેનાથી આ રાજ્યને જ નહીં, બલ્કે દેશ માટે પણ નીચાજોણું થયું. એ ક્ષોભની વાત છે કે પંચાયત ચૂંટણીમાં વ્યાપક હિંસાની આશંકા બાદ પણ તેને રોકી ન શકાઈ. રાજ્ય ચૂંટણી પંચ ભલે ગમે તે દાવા કરે, તે સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીઓ કરાવવામાં ભયંકર રીતે નિષ્ફળ રહ્યું. આજના ભારતમાં એ અકલ્પનીય છે કે બેલેટ પેપર લૂંટવામાં આવે, જબરદસ્તી મતદાન કરાવવામાં આવે, ઉપદ્રવી તત્ત્વો મતપેટીઓ લઈને ભાગી જાય અને તેમને તળાવ, નાળાંમાં ફેંકી દે કે પછી આગ ચાંપી દે. બંગાળમાં માત્ર આટલું જ નથી થયું, મતદાન સ્થળો પર ખુલ્લેઆમ બોમ્બ અને ગોળીઓ ચાલી છે અને વિરોધ પક્ષોના કાર્યકર્તાઓ અને ઉમેદવારો પર પ્રાણઘાતક હુમલા પણ કરવામાં આવ્યા. ચૂંટણી હિંસામાં મરનારાઓનો સત્તાવાર આંકડો ગમે તે કહેવામાં આવે, આ હિંસામાં લગભગ એક ડઝનથી વધારે લોકો માર્યા ગયા હોવાનો અંદેશો છે. ચૂંટણી હિંસામાં મરનારાઓમાં તમામ પક્ષોના લોકો છે, તેથી એ સ્પષ્ટ છે કે હિંસાનો જવાબ હિંસાથી આપવામાં આવી રહ્યો છે. આવું ત્યારે જ થાય છે, જ્યારે હિંસા રાજકીય સંસ્કૃતિનો હિસ્સો બની જાય છે.

બંગાળમાં દરેક સ્તરની ચૂંટણીઓમાં જેવી હિંસા થાય છે, એવી એક સમયે દેશના અન્ય હિસ્સામાં પણ થતી હતી, પરંતુ હવે એ વીતેલી વાત થઈ ગઈ છે. એ પરિણામ પર પહોંચવા સિવાય કોઈ ઉપાય નથી રહ્યો કે રાજકીય અપસંસ્કૃતિને કારણે બંગાળ ચૂંટણી હિંસા મામલે આજે પણ ત્યાં જ ઊભું છે, જ્યાં તે ચાર-પાંચ દાયકા પહેલાં હતું. એ પણ સ્પષ્ટ છે કે પરિવર્તનના નારા સાથે બંગાળની સત્તામાં આવેલાં મમતા બેનર્જીએ રાજકીય વિરોધીઓને કચડી નાખવાની એ જ રીતભાતો અપનાવી લીધી છે, જે ડાબેરી પક્ષોએ અપનાવી હતી અને જેને કારણે તેઓ દેશભરમાં બદનામ હતા. બીકા દેશમાં તો ચૂંટણી હિંસા પર વિરામ મૂકાઈ ગયો, પરંતુ બંગાળ હજુ પણ તેનાથી અભિશપ્ત છે. એ ભૂલી ન શકાય કે પાછલી વિધાનસભા ચૂંટણી પહેલાં અને બાદમાં બંગાળમાં સત્તારૂઢ પક્ષના લોકો કઈ રીતે પોતાના ઉત્પાતથી વિરોધીઓને ડરાવ્યા હતા. મમતા સરકાર પંચાયત ચૂંટણીમાં થયેલ ભયાવહ હિંસાથી બચી ન શકે. એ સત્તારૂઢ પક્ષનું જ દાયિત્વ હોય છે કે તે હિંસા રોકે. આશ્ચર્ય અને અફસોસની વાત એ છે કે કેન્દ્રીય દળોની તૈનાતી બાદ પણ બંગાળમાં ભારે હિંસા થઈ. આશ્ચર્ય નહીં કે મમતા સરકારે આ દલોનો યોગ્ય ઉપયોગ કરવામાં આનાકાની કરી હોય. જે પણ હોય, પંચાયતો પર કબ્જાની હોડ એટલા માટે પણ લોહિયાળ બની રહી છે.

# આધુનિક સાવિત્રી : અંગદાન થકી પતિના અંગોને નવજીવન બક્ષતાં હિનાબહેન



★અંગદાન થી પરમાર્થના ભાવ સાથે પત્નીએ બ્રેઇનડેડ પતિના અંગોનું દાન કર્યું .........

★અંગદાન કરતા મારા પતિ અન્યમાં જીવંત રહેશે આ ઉમદા ભાવ સાથે અંગદાન કર્યું★

.............

★સિવિલ હોસ્પિટલના કાઉન્સેલર્સની ૬ થી ૭ કલાકની મહેનતે હિનાબહેનને અંગદાન માટે પ્રેરયા★

.............

★અમદાવાદના ઓઢવના રહેવાસી રસીકભાઇને ઇન્ટ્રાવેન્ટ્રીક્યુલર હેમરેજ (ૈફઊઁ) એટલે કે બ્રેઇનહેમરેજ થતા તબીબો દ્વારા બ્રેઇનડેડ જાહેર કરાયા★

.............

★અંગદાનમાં બે કિડની અને એક લીવરનું દાન મળ્યું – ત્રણને નવજીવન★

.............

★અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૪૮ કલાકમાં ૨ અંગદાન – ૬ ને નવજીવન★

...............

★અમદાવાદ સિવિલમાં સતત બે દિવસ અંગદાન થયાની વિરલ ઘટના – સુપ્રીટેન્ડન્ટ ડો. રાકેશ જોષી★

હજું હમણા તો લગ્ન થયા હતા.સજોડે પ્રેમ, લાગણીઓ,વિશ્વાસના બંધન થી બંધાયા હતા. આ કબીરા દંપતિએ કેટ-કેટલાક સ્વપ્ન જોયા હશે. ભાવી આયોજન ઘડ્યું હશે..અને એવામાં....!!!તારીખ ૭મી જુલાઇનો એ દિવસ કબીરા પરિવાર માટે ગોઝારો બની રહ્યો. પરંતુ આ ગોઝારા દિવસમાં પણ જન કલ્યાણ અને જન સેવાનું ઉમદા કાર્ય કરીને એક મિશાલ પ્રસ્થાપિત કરી છે.

અમદાવાદના ઓઢવ વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષના રસીકભાઇ કબીરાનું ૭મી જુલાઇના રોજ બ્લડપ્રેશર એકાએક વધી જવાથી ઇન્ટ્રાવેન્ટ્રીક્યુલર હેમરેજ(ૈફઊઁ) એટલે કે બ્રેઇનહેમરેજ થયું. પરિવારજનો ચિંતીત બનીને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઇ આવ્યા.

અમદાવાદ સિવિલ હોસ્ટિલમાં જરૂરી તમામ ટેસ્ટ અને સઘન સારવાર શરૂ કરવામાં આવી. હોસ્પિટલમાં બે દિવસની સઘન સારવારના અંતે રસીકભાઇને તબીબોએ બ્રેઇનડેડ જાહેર કર્યા.

પતિના બ્રેઇનડેડ થયાની જાણ થતા તેમના પત્નિ હિનાબહેન સહિત સમગ્ર પરિવારજનો પર જાણે આભ તૂટી પડ્યુ.

સ્વજન ગુમાવવાનું સમગ્ર પરિવારને દુઃખ હતુ. પરંતુ પત્ની હિનાબહેનનું જીવન અંધકારમય બનવા જઇ રહ્યું હતું. તેઓને હરહંમેશ સથવારો અને સધિયારો આપનાર દેવલોક પામી રહ્યાં હતા. કદાચ આ ક્ષણે હિનાબહેનને તેમના બે પુત્રો અને એક પુત્રીના ભવિષ્યની પણ ચિંતા થઇ રહી હશે. આવી ભાવુક ક્ષણે પણ હિનાબહેન એ જનસેવાર્થે જનકલ્યાણનો એક હ્રદયસ્પર્શી નિર્ણય કર્યો.આ નિર્ણય હતો અંગદાનનો.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના કાઉન્સેલર્સની ૬ થી ૭ કલાકની મહેનતના અંતે બ્રેઇનડેડ પતીના અંગદાનનો નિર્ણય કર્યો.

મૃત્યુ બાદ પણ મારા પતિ અન્ય કોઇના જીવમાં જીવંત રહેશે કોઇનું જીવન કાર્યક્ષમ અને સ્વસ્થ બનાવશે તેવા ઉમદા ભાવ સાથે તેઓએ પતિના અંગદાન કરવાનો નિર્ણય કર્યો.

અંગદાનની સમગ્ર પ્રક્રિયાના અંતે બે કિડની અને એક લીવરનું દાન મેળવવામાં સફળતા મળી છે. જેને જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરાશે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૪૮ કલાકમાં દાનની સરવાણી વહી. આ ૪૮ કલાકમાં બે અંગદાતા પરિવારજનોએ તેમના બ્રેઇનડેડ સ્વજનનું અંગદાન કર્યું. આ અંગદાનથી ૬ને નવજીવન મળ્યું છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમા સુપ્રીટેન્ડન્ટ ડૉ. જોષીએ કહ્યું કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સતત બે દિવસ અંગદાનની વિરલ ઘટના બની. આ અગાઉ પણ ૧૦ થી ૧૨ વખત સતત બે દિવસમાં બે અંગદાતા પરિવારજનો દ્વારા સ્વજનનું અંગદાન કરવાની ઘટના બની છે.


-અમિતસિંહ ચૌહાણ

# ગૌમાતા માટે આપણે શું શું કરી શકીએ ?



૧. ભારતની ગાયના, દૂધ, દહીં, ઘીનો જ ઉપયોગ કરીએ
૨. પંચગવ્યથી નિર્મિત દવાઓનો ઉપયોગ કરીએ
૩. ગૌ આધારીત જૈવિક ખેતી અપનાવીએ
૪. ગૌ આધારીત ગ્રામોદ્યોગની સ્થાપના કરીએ
૫. એક પરીવાર થકી એક ગાયનું પાલન-પોષણ કરીએ
૬. ગૌચરની જાળવણી કરીએ અને દબાણ હટાવીએ
૭. ગૌશાળા શરૂ કરવામાં નિમિત બનીએ
૮. ગૌ સારવાર કેન્દ્રો હોસ્પીટલને મદદરૂપ થઈએ
૯. માંગલિક કાર્યો અને શુભ અવસરો પર ગૌમાતા માટે મંગલનિધિ આપીએ
૧૦. જન્મદિવસ, લગ્ન સંસ્કાર એવં અન્ય પ્રસંગો ઉપર ગૌમાતાનું સ્મરણ કરી દાન કરીએ
૧૧. દિકરીને એક ગાયનું દાન આપીએ
૧૨. ગોપાલકોને આદર અને સન્માન આપીએ
૧૩. ઘરમાં સર્વ દેવમયી ગૌમાતાનું ચિત્ર લગાવીએ
૧૪. દરરોજ ગૌમાતાના દર્શન કરીએ
૧૫. વર્ષમાં એક વખત ગૌશાળાની મુલાકાત લઈએ
૧૬. ગૌ ઉત્સવો જોર–શોરથી ઉજવવાની શરૂઆત કરીએ
૧૭. ગૌસેવા અર્થે પ્રકાશિત થતી – પત્રિકાઓ અને સાહિત્ય જરૂર મંગાવીએ. પ્રિન્ટ મીડીયા, સોશ્યલ મીડીયા, ઈલેકટ્રોનીક મીડીયામાં ગૌસેવાનો પ્રચાર-પ્રસાર કરીએ
૧૮. ગૌરક્ષા, ગૌપાલન અને ગૌ સંવર્ધન સહિતના ગૌસેવાના તમામ કાર્યોમાં સહયોગ આપીએ.

# સ્વતંત્ર ભારતનાં ઈતિહાસમાં જૈન મુનિની હત્યાની પ્રથમ દુઃખદ ઘટના હૃદયદ્રાવક હતી - આચાર્ય લોકેશજી



**આચાર્ય લોકેશજીએ કર્ણાટકના રાજ્યપાલ અને મુખ્યમંત્રી સાથે વાત કરી અને જૈનાચાર્યના હત્યારાઓને સંતોની સુરક્ષા માટે પત્ર લખ્યો.**

**અમેરિકામાં ઉપવાસ કરીને જૈન આચાર્ય લોકેશજીએ જૈન સમાજને સંતો અને તીર્થોની રક્ષા માટે એક થવા અપીલ કરી હતી.**

તાજેતરમાં કર્ણાટકનાં બેલગામમાં જૈન સંત કામકુમાર નંદી મહારાજની હત્યા કરી લાશને અનેક ભાગોમાં કાપીને ફેંકી દેવામાં આવી હતી, જેને આચાર્ય લોકેશજી સહિત સમગ્ર જૈન સમાજે સખત શબ્દોમાં નિંદા કરી છે. આ દુર્ભાગ્યપૂર્ણ ઘટના બાદ જૈન આચાર્ય લોકેશજીએ કર્ણાટકના રાજ્યપાલ અને મુખ્યમંત્રી સાથે વાત કરી અને આ મામલાને લગતા તમામ પાસાઓને આવરી લેતા સંપૂર્ણ તપાસની માંગ કરતો પત્ર લખ્યો. આચાર્ય લોકેશજીએ પોતાના પત્રમાં મુખ્યમંત્રી અને રાજ્યપાલને યોગ્ય સંજ્ઞાન લેવા, મામલાની તાત્કાલિક તપાસ કરાવવા અને હત્યારાઓને કડક સજા કરવાની માંગ કરી છે. આ સાથે આચાર્યશ્રીએ સંતો અને ધર્મગુરુઓની સુરક્ષા માટે અપીલ કરી હતી.

આચાર્ય લોકેશજીએ ભારતના તમામ ધર્મપ્રેમીઓ, જૈન સંપ્રદાય, સંતો અને સમાજને અમેરિકામાં ઉપવાસ કરીને સંતો, મહાત્માઓ અને તીર્થધામોની રક્ષા માટે સંગઠિત અને એક થવા અપીલ કરી હતી.

આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે, સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં જૈન મુનિની હત્યાની પ્રથમ કરુણ ઘટના હ્રદયદ્રાવક છે, જૈન મુનિની ક્રૂરતાપૂર્વક હત્યા કરનાર ક્રૂર વ્યક્તિને યોગ્ય સજા મળે અને સંતોની સુરક્ષા માટે સરકાર દ્વારા અસરકારક પગલાં ભરવામાં આવે.

# દરબાર શ્રી ભોજબાપુ ખાચર હેરિટેજ ધર્મશાળા બોટાદ ની શુભેચ્છા મુલાકાત લેતા વિશ્વ હિન્દુ પરિષદ ના અધિકારીઓ

આજરોજ દરબાર શ્રી ભોજબાપુ ખાચર હેરિટેજ ધર્મશાળા ની શુભેચ્છા મુલાકાત લેતા વિશ્વ હિન્દુ પરિષદ ના અધિકારીઓ અજય જી પરીખ વિશ્વ હિન્દુ પરિષદ કેન્દ્રીય મંત્રી તેમજ અખિલ ભારતીય સેવા પ્રમુખ કેન્દ્ર દિલ્હી તથા અશોકભાઈ રાવલ વિશ્વ હિન્દુ પરિષદ ક્ષેત્ર મંત્રી કર્ણાવતી ક્ષેત્ર તથા અશ્વિનભાઈ પટેલ વિશ્વ હિન્દુ પરિષદ સહમંત્રી કર્ણાવતી ક્ષેત્ર તેમજ હિરેનભાઈ રૂપારેલીયા સૌરાષ્ટ્ર પ્રાંત પ્રચાર પ્રસાર સહ સંયોજક તેમજ જયેશભાઈ ખેસવાણી જુનાગઢ મહાનગર મંત્રી તેમજ બોટાદ ટાઉન પીઆઈ શ્રી દેસાઈ સાહેબ



ઉપસ્થિત રહ્યા હતા બોટાદ જિલ્લા અધ્યક્ષ સતુભાઈ ધાધલ તેમજ બજરંગ દળ જિલ્લા સંયોજક ભગીરથસિંહ વાઘેલા દ્વારા મહેમાનોને પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું તેમજ કષ્ટભંજન દેવ સાળંગપુર દાદાના દર્શન કર્યા તેમજ ડી કે સ્વામી તેમજ ગુરુ ના આશીર્વાદ લીધા.

અહેવાલ કનુભાઈ ખાચર

# ‘સમસ્ત મહાજન’ અને ‘એનીમલ હેલ્પલાઈન’ દ્વારા ‘વર્લ્ડ ઝુનોસીસ ડે’ પર યોજાયો પશુ-પક્ષીઓનાં સર્વરોગ નિદાન તેમજ સારવાર કેમ્પ

વૈશ્વિક સ્તરે જળ, જન, જમીન, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા ‘સમસ્ત મહાજન’ નાં મેનેજીંગ ટ્રસ્ટી, ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં સભ્ય ગીરીશભાઈ શાહ તથા ભારત સરકાર દ્વારા જીવદયાનો સર્વોચ્ચ એવોર્ડ વિજેતા સંસ્થા ‘શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ–એનીમલ હેલ્પલાઈન, રાજકોટ’ દ્વારા ‘વર્લ્ડ ઝુનોસીસ ડે’ પર સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છનાં પશુ-પક્ષીઓ માટેના મેગા, નિઃશુલ્ક, સર્વરોગ નિદાન તેમજ સારવાર કેમ્પ, ચર્મ ચિકિત્સા—દંત ચિકિત્સા તેમજ આંખના રોગોના સારવાર કેમ્પ અને શ્વાનોને વિનામુલ્યે હડકવાનું રસીકરણ, કૃમિનાશક તેમજ અન્ય સારવારના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૯૭ જેટલા પશુઓ જેમાં ૩ ઘોડા, ૫ બિલાડી અને ૮૯ કૂતરાઓની સારવાર કરવામાં આવી હતી. સંસ્થામાં આશ્રિત અન્ય અંદાજે ૫૦૦ જીવોની સારવાર કરવામાં આવી હતી.



એનીમલ હેલ્પલાઇનના ડૉ. નિકુંજ પીપળીયા, ડો. દીપ સોજીત્રા, ડો. રવી માલવીયા, સેવાભાવી તબીબ ડો. અરવિંદ ગડારા, ડો. અરૂણ ઘીયાડ, ડો. હિરેન વિસાણી તેમજ પંચનાથ એનીમલ હોસ્પીટલનાં ડો. વિવેક કલોલા સહીતની ડોકટર્સની ટીમે પોતાની સેવા આપી હતી. આ કેમ્પમાં સૌરાષ્ટ્ર પ્રાણી કલ્યાણ મંડળ ટ્રસ્ટનાં ડો. મણવર સહિતનાં નિષ્ણાંત તબીબોએ ઉપસ્થિત રહીને સેવા આપી હતી. આ મેગા કેમ્પમાં જિલ્લા પંચાયત પશુપાલન શાખાનાં વરિષ્ઠ ડોકટર્સ ડો. ગોહીલ, ડો. કટારા, ડો. ખાનપરા, ડો. જાકાસણીયા ડો. કુંડારીયા તથા રાજકોટ મહાનગરપાલીકાના ડો. હિરપરા, ડો. ભાવેશ જાકાસણીયા, ડો. ઉપેન્દ્ર પટેલ સહિતના નિષ્ણાંત તબીબોએ સેવા આપી હતી. કેમ્પમાં પશુ—પક્ષીઓથી મનુષ્યોને તથા મનુષ્યોથી પશુ-પક્ષીઓને ફેલાતા રોગોના નિરાકરણ અંગે જનજાગૃતી તેમજ મેડીકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેમ્પમાં આવેલા તમામ પશુ-પક્ષીઓને જનરલ હેલ્થ ચેકઅપ (ફુલ બોડી), શ્વાનોને વિનામૂલ્યે હડકવા વિરોધી રસીકરણ, આંખના—દાંતના—ચામડીના રોગોની તેમજ સર્વરોગોનું નિદાન,સારવાર કરવામાં આવી હતી. સર્વરોગની જનરલ સારવાર, મેજર ઓપરેશન ઉપરાંત અન્ય સારવાર પણ કરવામાં આવી હતી. કેમ્પને ભારત સરકારનાં કેન્દ્રીય પશુપાલન મંત્રી જીવદયા પ્રેમી પરશોત્તમભાઈ રૂપાલા, ગુજરાત સરકારના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત સરકારના પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ, સમસ્ત મહાજન' નાં મેનેજીંગ ટ્રસ્ટી, ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડીયાનાં સભ્ય ગીરીશભાઈ શાહ, મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાની શુભેચ્છા મળી રહી હતી.

કેમ્પમાં રાષ્ટ્રીય કામધેનુ આયોગનાં પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરીયા, ધારાસભ્યશ્રીઓ રમેશભાઈ ટીલાળા, શ્રીમતી ડો. દર્શિતાબેન શાહ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મોરબી જિલ્લા અગ્રણી પ્રજ્ઞેશ પટેલ, રોટરી પ્રાઈમ પ્રમુખ પરીનભાઈ પટેલ, રાજદીપસિંહ જાડેજા, ભરતભાઈ ભીમાણી, જગદીશભાઈ ભીમાણી અને વિરાભાઈ હુંબલ સહીતનાઓએ હાજરી આપી, વિષયોક્ત માર્ગદર્શન આપ્યું હતું. કેમ્પને સફળ બનાવવા સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી, ભારત સરકારના એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના સભ્ય ગીરીશભાઈનાં માર્ગદર્શનમાં કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ–એનીમલ હેલ્પલાઈનનાં મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, કુમારપાળ શાહ, ધીરુભાઈ કાનાબાર, રમેશભાઈ ઠક્કર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસ ભરતભાઈ મહેતા, વિષ્ણુભાઈ ભરાડ સહીતનાની ટીમે જહેમત ઉઠાવી હતી.

# કેશોદ: જીવન સાથી પસંદગી મેળો યોજાશે. (મહેશ સોની નખત્રાણા દ્વારા)

શ્રી કેશોદ મારૂ કંસારા યુવક મંડળ દ્વારા આગામી તારીખ ૧૬/૭/૨૦૨૩ રવિવારના રોજ સમસ્ત મારૂં કંસારા સમાજના વિવાહ ઉત્સુક યુવક -યુવતીઓ માટે જીવન સાથી પસંદગી મેળો યોજવાનો છે .આ અંગે વધુ વિગતો આપતા કેશોદ કંસારા સમાજના મંત્રી શ્રી પ્રકાશભાઇ બારમેડા એ જણાવ્યું હતું કે આજના સમયમાં ઘણા બધા કારણોસર જીવન સાથી શોધવાનું ખૂબ જ મુશ્કેલ બનતું જાય છે. તેવા સંજોગો માં સમાજ ના યુવક યુવતી ને પોતાનું મનપસંદ પાત્ર મળી રહે એ હેતુસર આ પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે. આપણી દીકરીઓ માટે તેના માતાપિતા વિનાસંકોચે આમાં રજીસ્ટ્રેશન કરવી શકે છે.આ જીવન સાથી પસંદગી મેળાને સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે.આ માટે ચેતનભાઇ પરમાર (પ્રમુખ શ્રી)મો. ૯૮૭૯૧૬૦૪૧૩ ધવલભાઈ કંસારા (ઉપપ્રમુખ)- કેશોદ. મો. ૯૨૬૫૦૬૯૬૯૬ પ્રકાશભાઇ બારમેડા (મંત્રી) - કેશોદમો. ૯૪૨૯૧૭૫૩૨૩ ના મોબાઈલ નંબર ઉપરથી વધુ માહિતી મેળવો શકાશે. એમ મહેશ સોની નખત્રાણા ની યાદીમાં જણાવાયું હતું



# બ્રહ્માકુમારીઝ દ્વારા રાષ્ટ્રપતિનું સન્માન

ભારત ના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂજીનું સન્માન અને ઈશ્વરીય સોગાત -મુંબઈ ના રાજભવન માં આપતા બ્રહ્માકુમારીઝ ના ઉત્તર મુંબઈ સબ ઝોનના મુખ્ય પ્રશાસિકા રાજયોગીની બ્ર. કુ . દિવ્ય પ્રભાબેન , બ્ર. કુ. સંગીતાબેન , બ્ર . કુ . રૂક્ષ્મિણી બેન , બ્ર . કુ. માલા બેન, બ્ર. કુ . જયંતીભાઈ, બ્ર . કુ .વિનોદભાઈ વોરા, બ્ર . કુ .અશોકભાઈ મોહનાની અને અન્ય.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

NOG SS NO:155
વિષય: પરિવાર
શીર્ષક : પારિવારિક સમરસતા અને સબંધ
નામ: સોનલબેન ઈશ્વરભાઈ પઢીયાર




સૂર્યની પ્રથમ કિરણ ઘર આંગણે પડતા જ વાતાવરણ જાણે રમણીય પ્રકાશ સાથે ઉજાગર બનતું હોય અને ઘરની પુત્રવધુઓ દ્વારા આંગણામાં કચરો વાળીને પાણી છાંટી,સાથીયા પુરી ઘર આંગણું શોભાયમાન બની જતું હોય છે પૂજાની ઘંટડીઓના અવાજથી અને સ્વચ્છ ભીના આંગણામાંથી આવતી સુવાસ સાથે જ પરિવારમાં પ્રભાત થાય ત્યાં કુદરતની મહેર હોય છે

ધાબા પર એક જ હરોળમાં સુતેલા બાળકો ઊઠીને ઓટલે બેસી બ્રશ કરતા હોય છે પરિવારમાં દેરાણી- જેઠાણી જ્યારે વડીલોને ચા નાસ્તો તેમના ખાટલા ઉપર સપ્રેમ આદર સાથે આપતી હોય, ત્યારે બાળકો ચા- રોટલીના વાટકા લઈને હરોળમાં બેસીને નાસ્તો કરતા હોય ત્યારે ઓળખવું અઘરું પડે છે કે કાકા બાપાના છોકરાઓ કયા કયા છે એટલો પ્રેમ ભાવ બાળકોમાં જોવા મળે છે બે સગા ભાઈઓ ઘરના કામકાજ માટે સાથે મળીને આયોજન કરતા હોય છે ઘરમાં સાસુ સસરાનું અને વડીલોનું માન સન્માન હોય છે દેરાણી અને જેઠાણી બે સગી બહેનોની જેમ ઘર સંભાળતી હોય છે નણંદોની વેકેશનમાં કે પ્રસંગો માં આગમનની રાહ જોવાતી હોય છે બાળકો મામાના ઘરે થી વેકેશનની અમૂલ્ય યાદો બાંધીને લઈ જતા હોય છે જ્યાં માલમિલકતના હકદાવા ના બદલે એકબીજા માટે ત્યાગ અને જતું કરવાની ભાવના હોય તે પરિવાર સુખી, સમૃદ્ધ અને ખુશ ખુશાલી ભર્યા હોય છે તે વાતમાં બે મત નથી કારણ કે તે સમયમાં દરેક માતા-પિતા પોતાની પુત્રીને સાસરે વળાવતી વખતે શીખવતા "એ જ તારા માતા-પિતા છે અને હવેથી એ જ તારું ઘર પરિવાર છે બધાને પોતાના કરીને રહેજે "સંસ્કાર,મૂલ્યો અને સમજણથી પારકી દીકરી પણ સાસરે સહર્ષ સમરસ બની જતી હતી.

હવે એ સમય અને અનુભૂતિ ખૂબ જ અઘરી છે મેળવવી. હવે પરિવાર એટલે "હું અને માત્ર મારું " સહકુટુંબ ક્યાંય જોવા નથી મળતું એડવાન્સ જમાનામાં ભણતર વધ્યું, મોડેલ લાઈફ સ્ટાઈલ બધી પણ પ્રેમ, સહકાર,ત્યાગ,જતું કરવું,સમર્પણ, લાગણી નામશેષ રહી ગયા છે

આજની પેઢીના દીકરાઓ ભણતર અને નોકરી ના નામે માતા પિતાને મૂકીને વિદેશ કે પરગામ જતા રહે છે જેને કહેવાય છે કે દીકરો સેટલ થઈ ગયો. આજની એડવાન્સ દીકરીઓને લગ્ન તો કરવા છે પણ અલગ ઘર લઈને રહેવું છે લગ્ન પહેલા જ ઈચ્છા બાંધીને આવે છે કે ક્યારે અલગ થઈ જાઉ,જેથી છૂટછાટ મળે અને બધી જવાબદારીઓમાંથી મુક્ત થવાય કોઈને સમરસ પરિવારમાં રસ નથી. વડીલોની મિલકત જોવે છે પણ વડીલો નથી જોઈતા. બહુ દુઃખની વાત છે આજકાલ વૃદ્ધાશ્રમની સંખ્યા વધી રહી છે સગી દીકરીને પણ પોતાના માતા-પિતાના ઘરે પ્રસંગે કે વેકેશનમાં કે સુખે દુઃખે આવતા વિચાર કરવો પડે છે, કારણ એટલું જ ભાઈ ભાભીઓ દ્વારા સહર્ષ આવકાર નથી મળતો મામા- મામી, કાકા - કાકી,ભાઈ -બહેન, દાદા - દાદી નાના- નાની,નણંદ - નંદોઈ, જેઠ - જેઠાણી જેવા પારિવારિક સંબંધો હવે ખોવાઈ રહ્યા છે લોકો હવે લાગણીશીલના બદલે પ્રેક્ટીકલ થઈ ગયા છે સંસ્કાર,મૂલ્યો,માણસાઈ નામ શેષ રહી ગઈ છે

આવી પરિસ્થિતિમાં જો સમરસ પરિવારની કલ્પના કરવી હોય તો આપણે આવનારી પેઢીને અભ્યાસ સાથે સંસ્કારો અને મૂલ્યો શીખવવા પડશે જવાબદાર વ્યક્તિ તરીકે યુવા વર્ગે જ આગળ આવવું જોઈએ જો માબાપને વૃદ્ધાશ્રમમાં મુકતા પહેલા પુત્રને યાદ આવે કે માતા-પિતાના ત્યાગ મહેનતના કારણે જ તેઓ પોતે સફળ મુકામે છે પુત્રવધુ એ વિચારવું જોઈએ કે તેમના પોતાના ઘરે પણ માતા-પિતા છે અને જો તેમની સાથે પણ ભાભી આમ કરે તો? અને હા એક સનાતન સત્ય વંર્કિંગ વુમન માટે ઘરમાં સાસુ સસરા હોવા ખૂબ જ જરૂરી છે વડીલોના હાથમાં જ બાળકો સુરક્ષિત છે અને સંસ્કારો સાથે તેમનું બાળપણ સિંચાઈ જાય છે વંર્કિંગ વુમન્સ નોકરી પર જાય છે ત્યારે તેના બાળકો કામવાળીના હાથમાં મોટા થાય છે અથવા તો ઘરે એકલા રહે છે જેથી કેટલાય અણ બનાવો બનતા હોય છે જેનો ભોગ માત્ર બાળકોએ જ બનવાનો હોય છે આજે કેટલાય બધા બાળકો "ઓટિઝમ "જેવી બીમારીઓથી પીડાઈ રહ્યા છે બોલતા મોડા શીખે છે,વ્યવસ્થિત વિકાસ નથી થતો, સંસ્કારનો અભાવ જોવા મળે છે એવા કેટલાય દુષણો જોવા મળે છે કારણ કે વંર્કિંગ પેરેન્ટસ બાળકોને સમય નથી આપી શકતા. આ સમસ્યાનું નિરાકરણ વડીલોનો પડછાયો હોઈ શકે,સમરસ પરિવાર જ હોઈ શકે.

માન્યું કે મન દુઃખ,લડાઈ,ઝઘડા તો દરેક પરિવારમાં થતા જ હોય છે પણ એની અસર થોડા સમય માટે જ રહેવી જોઈએ એકબીજાનો સપ્રેમ સ્વીકાર કરી લેવો જોઈએ જો એક પરિવારિક સભ્ય માફી માંગે તો બીજાએ પણ ઝૂકીને માફ કરી દેવું જોઈએ,જતું કરવાની ભાવના, લાગણી, વડીલો, નિસ્વાર્થ પ્રેમથી જ સમરસ પરિવાર સાર્થક બની શકે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્ગંર્ય્જીજી દ્ગ : ૧૪૯
વિષય : પરિવાર
શીર્ષક : પરિવાર કોને કહેવાય ?
પ્રકાર : ગદ્ય...શબ્દ : ૨૮૫
નામ : પલ્લવી જોષી. સરિતા

પરિવાર કોને કહેવાય ?

પરિવાર કોને કહેવાય ? બેચાર ભાઈઓ બેત્રણ બહેનો,માતાપિતા,દાદાદાદી,પુત્ર ને પુત્રવધૂ,બાળકો આ બધાં હોય એને એક પરિવાર કહેવાય ? તો ના સાચા અર્થમાં કહુ તો એક જ ઘરમાં,એક જ છત નીચે,કોઈ પણ સારી કે કપરી પરિસ્થિતિમાં સાથે રહે એજ સાચો પરિવાર કહેવાય.

એકમેકનાં માટે મરી મીટનારા ભાઈઓ પણ આ દુનિયામાં જોયા છે ને એકમેકની સામે લાકડીઓ ઉછારતાં ભાઈઓ પણ જોયા છે.સુખમાં તો બધાં સાથે જ રહે છે,પણ દુઃખમાં પડછાયો બની ઊભા રહેનાર માણસોથી સાચો પરિવાર બને છે.તકલીફમાં અડધી રાતે દોડનાર માણસોથી પરિવાર બને છે.

જ્યાં પૂરો પરિવાર એક જગ્યાએ સાથે રહે છે એને ઘર કહેવાય.બાકી તો ખાલી ચણતરનું મકાન જ કહેવાય.

માતાપિતા,દાદાદાદી,ઘરનાં સર્વે વડીલોને જ્યાં આદર થાય છે,ત્યાં એક ખુશહાલ પરિવારનો જન્મ થાય છે.તમે નોકરી ધંધા પર જાવ છો ત્યારે તમારો પૂરો પરિવાર સાંજે તમારા આવવાની આતુરતાથી રાહ જુવે છે તો તમારી પણ ફરજ બને છે કે પરિવારનાં માણસો સાથે થોડો સમય વિતાવો. જે પૈસા આપે છે એ નોકરી,ધંધો છે ને જે પ્રેમ ,સ્નેહ,હુંફ ,લાગણી આપે છે એ પરિવાર છે.

દિવસ દરમ્યાન ઘરકામમાં,બાળકો ભણવામાં,પતિ નોકરી કરવામાં બધાં જ પરિવારનાં માણસો વ્યસ્ત હોય છે,પણ દિવસમાં એકવાર ભજન અને ભોજન દરેકના ઘરમાં બધાંએ સાથે બેસીને જ કરવું જોઈએ. સવારે તો શક્ય નથી,પણ સાંજે તો શક્ય છેજ.

આ બહાને પૂરો પરિવાર એકબીજાની સાથે રહી શકશે.પરિવારમાં બસ આનંદ અને ઉલ્લાસ હોય છે,ક્યારેક મતભેદ થાય પણ મનભેદ ના થવો જોઈએ. જ્યાં મનભેદ થાય છે ત્યાં પરિવારની એકજૂથતા ટકતી નથી.પરિવાર પરિવાર નથી રહેતો,વિખેરાઈ જાય છે.

પરિવાર કોને કહેવાય ? જ્યાં એકના વખાણ થાય ને બીજાની બૂરાઈ એવું, ના જ્યાં દરેકના જ વખાણ થાય છે,દરેકને જ સરખું માન મળે છે એજ અસલમાં ખરો સુખી પરિવાર કહેવાય....

# બી.એસ.સી. ર્નસિંગની ચોથા વર્ષની પરીક્ષામાં માનીતા વિદ્યાર્થીઓને પાસ કરવાનું કૌભાંડ NSUI - યુથ કોંગ્રેસ દ્વારા પકડી પાડવામાં આવ્યું.



NSUI અને યુથ કોંગ્રેસ દ્વારા પેપરમાં પાસ કરાવવાનું કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ગુજરાત યુનિવર્સિટી નાં બોટની વિભાગમાં પેપર એસેસમેન્ટ વિભાગમાં વહેલી સવારે ૭ વાગે પહોંચી પરીક્ષા નિયામક અને રજીસ્ટ્રાર તેમજ કુલપતિ શ્રી ની હાજરીમાં તપાસ કરાવવામાં આવી હતી કે ૠ.જીષ્ઠ. ર્નસિંગ નાં ચોથા વર્ષની ચાલી રહેલી પરીક્ષા જે પેપર નું નામ સૈ્ક્રૈકીઅિ ર્શ્ંહ્વ- ર્જીષ્ઠૈીહષ્ઠી ઙ્ઘૈજીહજી કે જે ગઈ કાલે એટલે તારીખ ૧૦/૦૭/ ૨૦૨૩ નાં રોજ સમય બપોરે ૦૩ થી સાંજે ૦૬ વાગ્યા દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી નાં વિવિધ પરીક્ષા સેન્ટરો યોજાઈ એ પછી જેની ઉત્તરવહીઓ યુનિવર્સીટી નાં બોટની વિભાગ માં પેપર એસેસમેન્ટ માટે જમાં કરવામાં આવ્યા તે પછી એ વિભાગ માંથી રાતો-રાત યુનિવર્સીટી માંથી મળતીયાઓ દ્વારા જે વિદ્યાર્થીઓ પાસેથી પાસ કરાવવાના રૂપિયા લીધા છે તે વિદ્યાર્થીઓની ઉત્તરવહી વિભાગ માંથી ઉઠાવી વિદ્યાર્થીઓને રાતે લખવા ઘરે આપવામાં આવી જેની જાણ દ્ગજીેં અને યુથ કોંગ્રેસના આગેવાનોને થતા આખી ઘટના સામે આવી હતી. જેમાં પેપર ૧ માં ૧૪ અને પેપર ૨ માં ૧૪ એમ કુલ બને પેપર નાં સમાન ૧૪ વિદ્યાર્થીઓના નામ સામે આવ્યા હતા હંમેશા જ્યાં પેપર એસેસ્મેન્ટ થાય ત્યાં સી.સી.ટી.વી ફરજિયાત હોવા જોઈએ પણ પૂર્વ આયોજિત કાવતરું અને ગુનો હોવાથી તમામ કેમેરા પણ બંધ રાખવામાં આવ્યા હતા જેની જાણ બોટની વિભાગના વડાએ યુનિવર્સિટીના સત્તાધિશોને જાણ કરી હતી કે અમારા વિભાગમાં સીસીટીવી કેમેરા બંધ છે તેથી ચાલુ કરવા માટે જાણ કરી હતી. સમગ્ર કૌભાંડને લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલની અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ નાં મુખ્ય પ્રવકતા ડૉ. મનીષભાઈ દોશીની આગેવાની હેઠળ દ્ગજીેં અને યુથ કોંગ્રેસના આગેવાનો સાથે ઉગ્ર વિરોધ સાથે કુલપતિશ્રીને ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. રજુઆત કરતા જણાવ્યું હતું કે, કોના કહેવાથી આ કૌભાંડ ચલાવવામાં આવી રહ્યું છે? કેટલા સમયથી ચાલે છે ? કઈ કઈ પરીક્ષાઓમાં આવા કૌભાંડ થાય છે ? તેની વહીવટી તપાસની માંગણી કરી હતી. નાની માછલી ને ટાર્ગેટ કર્યા વગર મોટા માથાઓ કે જે સરકારનાં માણસો આમાં સંડોવાયેલા છે ? શું આ કૌભાંડનાં તાર ગાંધીનગર મંત્રાલય સુધી અડે છે. શું આવી બધી પરિક્ષાઓમાં વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયા લઈને પાસ કરવામાં આવે છે? આ ઘટનામાંસામેલ તમામ ચમરબંધીઓ સામે કડક પગલાં લેવામાં આવે તેમજ ઙ્ઘૈંઇ કરી કાયદેસર ની કાર્યવાહી કરવાની માંગણી કરી છે અને આ ઘટનામાં સામેલ તમામ અધિકારીઓને તાત્કાલિક ધોરણે દિવસ ત્રણ માં સસ્પેન્ડ કરવાની માંગણી કરવામાં આવી હતી અને જો કોઈ પગલાં લેવામાં નહિ આવે તો દ્ગજીેં અને યુથ કોંગ્રેસ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# એમસીએક્સ પર કોટન-ખાંડી વાયદામાં ૭૨૦ ખાંડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧૭,૬૬૪ ખાંડીના સ્તરે

સોનાના વાયદામાં રૂ.૧૫૭નો સુધારોઃ ચાંદી, ક્રૂડ તેલમાં સાંકડી વધઘટઃ મેન્થા તેલ ઢીલુઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭,૭૮૪ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૯૪૮૬.૫૪ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૧૬ કરોડનાં કામકાજ

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૦૯,૪૫૬ સોદાઓમાં કુલ રૂ.૨૭,૨૮૭.૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૭૮૪.૦૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૯૪૮૬.૫૪ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૮,૦૫૯ સોદાઓમાં રૂ.૫,૨૦૫.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૬૬૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૯૦૯ અને નીચામાં રૂ.૫૮,૬૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૫૭ વધી રૂ.૫૮,૮૪૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૦૨ વધી રૂ.૪૭,૬૨૬ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૯ વધી રૂ.૫,૮૭૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪ વધી રૂ.૫૮,૭૮૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૧,૪૬૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૮૭૨ અને નીચામાં રૂ.૭૧,૨૭૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪ ઘટી રૂ.૭૧,૩૫૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૨ વધી રૂ.૭૧,૪૦૮ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૦ વધી રૂ.૭૧,૪૧૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૮૩૭ સોદાઓમાં રૂ.૧,૦૦૧.૯૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ જુલાઈ વાયદો રૂ.૭૨૩.૯૫ના ભાવે ખૂલી, રૂ.૦.૧૦ વધી રૂ.૭૨૨.૫૦ જ્યારે એલ્યુમિનિયમ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૦ વધી રૂ.૧૯૭.૨૦ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૦ વધી રૂ.૨૧૬ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૩૫ વધી રૂ.૧૯૭.૩૫ સીસુ-મિની જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૧૮૨.૦૫ જસત-મિની જુલાઈ વાયદો રૂ.૧.૩૫ વધી રૂ.૨૧૫.૯૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૮,૬૨૦ સોદાઓમાં રૂ.૧,૫૬૬.૪૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૦૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૦૭૫ અને નીચામાં રૂ.૬,૦૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૬ વધી રૂ.૬,૦૫૦ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૨૭ વધી રૂ.૬,૦૫૧ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨૦ના ભાવે ખૂલી, રૂ.૩.૭૦ વધી રૂ.૨૨૩.૪૦ અને નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો ૩.૬ વધી ૨૨૩.૬ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૦.૫૧ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૧૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૫૮૦ અને નીચામાં રૂ.૫૬,૧૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૬૦ વધી રૂ.૫૬,૪૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૯૦ ઘટી રૂ.૮૯૦.૬૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૯૩૧.૯૧ કરોડનાં ૪,૯૮૨.૮૪૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૭૩.૨૬ કરોડનાં ૩૧૭.૪૦૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૭૨૧.૯૮ કરોડનાં ૧,૧૯૨,૫૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૮૪૪.૪૮ કરોડનાં ૩૮,૧૫૪,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૩૭.૪૯ કરોડનાં ૬,૯૭૩ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૮.૫૧ કરોડનાં ૨,૧૧૨ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૫૧.૨૬ કરોડનાં ૭,૬૧૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૭૪.૬૯ કરોડનાં ૧૨,૭૧૪ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૪.૦૬ કરોડનાં ૭૨૦ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૬.૪૫ કરોડનાં ૭૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૯૦૬.૨૭૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૪૮.૭૮૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૫,૪૬૦.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૪,૯૮૨ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૮૦૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૫,૭૬૫ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૨૦૫,૭૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩૬,૫૩૦,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૭,૬૬૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૩૫.૮૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૬.૪૭ કરોડનાં ૨૦૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૦૩ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૫,૮૦૮ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૮૭૪ અને નીચામાં ૧૫,૭૭૮ બોલાઈ, ૯૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૪ પોઈન્ટ વધી ૧૫,૮૩૯ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૧૯૪૮૬.૫૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૪૩૬.૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૦૯.૦૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૪૫૯૭.૮૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૦૩૮.૯ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૩૨૫.૨૨ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૬,૧૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૯૮.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૦૭.૯૦ અને નીચામાં રૂ.૮૭.૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩.૩૦ વધી રૂ.૯૫.૯૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૫૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૩.૧૫ અને નીચામાં રૂ.૧૦.૩૦ રહી, અંતે રૂ.૧.૭૫ વધી રૂ.૧૨.૮૦ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૩.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૧૨ અને નીચામાં રૂ.૩૦૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૯.૫૦ વધી રૂ.૩૯૮.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૯૯ અને નીચામાં રૂ.૩૦૭.૫૦ રહી, અંતે રૂ.૪૮.૫૦ વધી રૂ.૩૭૮.૫૦ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૦૯૭.૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૧ વધી રૂ.૨,૧૩૫.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ

આભાર - નિહારીકા રવિયા રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૦૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૩૦.૫૦ વધી રૂ.૧,૫૯૮.૫૦ થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૭૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૦૮ વધી રૂ.૧૦.૮૬ જસત જુલાઈ રૂ.૨૧૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૬૬ વધી રૂ.૪.૦૩ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૯૦.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૪ અને નીચામાં રૂ.૯૦.૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪.૨૦ ઘટી રૂ.૯૯.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૬૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૧.૭૦ અને નીચામાં રૂ.૯.૧૦ રહી, અંતે રૂ.૧.૭૦ ઘટી રૂ.૯.૪૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૭.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૫૭ અને નીચામાં રૂ.૧૬૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૯.૫૦ ઘટી રૂ.૧૮૦ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૬ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૪ અને નીચામાં રૂ.૧૭૦ રહી, અંતે રૂ.૨૬ ઘટી રૂ.૧૯૦ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૯૬.૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૦ ઘટી રૂ.૧,૭૩૬.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૨૦૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૧,૧૯૯.૫૦ થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૬૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૪૨ વધી રૂ.૧.૦૩ થયો હતો.

# ચાણસ્માના ખારીધારીયાલ ગામની અતિ આધુનિક શાળા, જ્યાં થાય છે બાળકોના ભણતરનું ઘડતર

ભારત સરકાર તેમજ ગુજરાત સરકાર× સૌ ભણો સૌ આગળ વધો× તેવા અથાગ પ્રયત્નો કરી રહી છે ત્યારે પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં આવેલું એક એવું ગામ જ્યાં બાળકો ના ભણતર સાથે બાળકોમાં સંસ્કારનું સિંચન થાય છે.આગળ વાત કરવામાં આવે તો ગુજરાત રાજ્ય સરકાર તમામ બાળકો ને ભણવા માટે વિવિધ પ્રકારની યોજનાઓ દ્વારા સહયોગ કરવામાં આવી રહ્યો છે. ત્યારે પાટણ જીલ્લાના ચાણસ્મા તાલુકા મથકથી ૧૦ કિ.મી ના અંતરે આવેલ ખારીધારીધારીયાલ ગામની પ્રાથમિક શાળામાં




આચાર્યશ્રી પ્રવીણભાઈ એસ. પટેલની અથાગ મહેનત ,કોઠાસૂઝ અને કાર્યદક્ષતા તેમજ સરકારશ્રીના યોગદાન થકી અત્ય આધુનિક ખારીધારીયાલ પ્રાથમિક શાળાનું આધુનિકરણ કરવામાં આવ્યું.જેમાં મેઈન ગેટ, શાળામાં વિકલાંગ બાળકો માટે મેઈન ગેટ થી સ્કુલના તમામ રૂમ સુધી પહોંચવા માટે ડોટ પિન બ્લોક નાંખવામાં આવ્યા તેમજ રેમ્પ બનાવવામાં આવ્યા. વિકલાંગ બાળકો માટે અલગ સેનિટેશન અને બીજા સેનિટેશન અત્ય આધુનિક બનાવવામાં આવ્યા,તેમજ વરસાદી સિઝનમાં પાણી ન ટપકે તે માટે નવીન પતરાનું પણ નિર્માણ કરવામાં આવેલું છે. તમામ વર્ગખંડમાં ગરમ હવા બહાર નીકળી જાય તે માટે એકઝસ ફેનની પણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. ધોરણ ૫ થી ૮ ના તમામ વર્ગ ખંડમાં સ્માર્ટ બોર્ડ દ્વારા ભણાવવામાં આવે છે. અનુભવી શિક્ષકો દ્વારા અપાતું શિક્ષણ તેમજ શાળાના વિદ્યાર્થીઓને ઠંડુ પાણી મળી રહે તેવા હેતુથી વોટર કુલરની પણ સગવડ કરવામાં આવી છે?. તેમજ પાણીની અંડર ગાઉન્ડ ટાંકી અને ઓવર હેડ ટાંકી બનાવવામાં આવી છે



ગાંધીનગર ના પૂર્વ કલેક્ટર એસ.કે.લાંગા ની બાતમી ના આધારે ગાંધીનગર જમીન કૌભાંડ બાબતે વિધિવત ગાંધીનગર પોલીસ દ્વારા.ધરપકડ કરવામાં આવી..હવે આવતીકાલે કોર્ટ માં હાજર કરી રિમાન્ડ મેળવી આગળ ની કાર્યવાહી કરવામાં આવનાર છે..આ બાબતે મહેસૂલી અધિકારીઓ માં ફફડાટ નો માહોલ છે..કેમકે હવે આ પ્રકરણ માં કેટલા રાજકારણી અને સરકારી અધિકારીઓ સંડોવાયેલ છે તે બાબતે જો ન્યાયિક પૂછપરછ કરવામાં આવે તો.ઘણા રાઝ ખૂલે તેમ છે.કેમકે ગાંધીનગરમાં વર્ષોથી છૂટાછવાયા રાજકારણીઓના ખભે તૈયાર થયેલા ચકચારી દલાલો નો તોટો નથી.વધુ તપાસ થયા બાદ ખબર પડશે.

# વિશ્વઉમિયાધામ જાસપુર અને ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાના ટ્રસ્ટીઓની મહત્વપૂર્ણ બેઠક




## પાટીદારોની બે દિગ્ગજ સંસ્થા ૨૦૦ ટ્રસ્ટીઓની વિશ્વઉમિયાધામ, અમદાવાદ ખાતે બેઠક યોજાઈ

## વિશ્વના સૌથી ઊંચામાં ઊંચા મા ઉમિયાના મંદિરનું કાર્ય વિશ્વભરમાં પહોંચાડવાનો સંકલ્પ લેવાયો

જગત જનની મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચામાં ઊંચા ૫૦૪ ફૂટ મંદિર નિર્માણનું કાર્ય વિશ્વ ઉમિયાધામ–જાસપુર, અમદાવાદ મુકામે રાત દિવસ ચાલી રહેલ છે ત્યારે આપણી સૌની માતૃ સંસ્થા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાના ટ્રસ્ટીશ્રીઓ, વિવિધ કમિટી ચેરમેનશ્રીઓ તેમજ કારોબારી સભ્યશ્રીઓ તેમજ વિશ્વઉમિયાધામ, જાસપુર અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓ એવમ્ વિવિધ કમિટીઓના ચેરમેનશ્રીઓની બેઠક યોજાઈ હતી. જે બેઠકમાં બંને દિગ્ગજ સંસ્થાઓ ટ્રસ્ટીઓએ સમાજપયોગી અને સમાજના ઉત્થાન માટે ચર્ચા કરી હતી. આ સાથે જ વિશ્વઉમિયાધામ મંદિરના ધર્મસ્તંભના નિર્માણ કાર્યને પણ ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાના ટ્રસ્ટીઓ નિહાળ્યું હતું. ઉલ્લેખનીય છે કે ઉમિયા માતાજી સંસ્થાનના ઉંઝાના તમામ હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓએ જગત જનની મા ઉમિયાની આરતી ઉતારી દર્શન કરી ધન્યતા અનુભવી. તેમજ વિશ્વઉમિયાધામ પરિવાર દ્વારા ભવ્ય સ્વાગત કરાયું હતું.

**બંને સંસ્થાઓ સાથે મળી સમાજ ઉત્થાનનું કામ કરીશું : શ્રી આર.પી.પટેલ**

કાર્યક્રમ અંગે વાત કરતા વિશ્વઉમિયાધામના પ્રણેતા અને પ્રમુખશ્રી આર.પી. પટેલ જણાવે છે કે ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાએ સમસ્ત પાટીદાર સમાજની માતૃ સંસ્થા છે. આજે સમગ્ર વિશ્વઉમિયાધામ ટ્રસ્ટી પરિવાર આપનું ઉમળકાભેર સ્વાગત કરે છે. આવનાર સમયમાં સમાજના નાના માણસ સુધી સમાજપયોગી કામ પહોંચડવા વિશ્વઉમિયાધામ તત્પર છે. બંને સંસ્થા સાથે મળી સમાજના ઉત્થાન માટે કામ કરતા રહીએ એવી માતાજીને પ્રાર્થના.

**સ્ટેચ્યુ ઓફ યુનિટીની જેમ વિશ્વઉમિયાધામ પણ વિશ્વપ્રસિદ્ધ બનશેઃ શ્રી ર જી પટેલ, ઉંઝા**

આ ઉપરાંત ઉમિયા માતાજી સંસ્થાન, ઉંઝાના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ પટેલ ( એમ.એસ.પટેલ) કાર્યક્રમ અંગે વાત કરતા જણાવે છે કે વિશ્વઉમિયાધામના ટ્રસ્ટીઓ દ્વારા અમારુ સ્વાગત કર્યું તે બદલ આભાર. બંને સંસ્થા એક જ છે. અને સમાજપયોગી કામોમાં અમે વિશ્વઉમિયાધામની સાથે છીએ. વધુમાં તેમણે કહ્યું કે સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવી રીતે વિશ્વમાં પ્રસિદ્ધ બન્યું છે તેવી જ રીતે મા ઉમિયાનું વિશ્વનું ઉંચામાં ઉંચું મંદિર એટલે વિશ્વઉમિયાધામ પણ જગપ્રસિદ્ધ થશે.



શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર ધોળેશ્વર શાખા દ્વારા પ્રથમ વિદ્યાર્થી પુરસ્કાર સમારંભ યોજવામાં આવ્યો જેમાં ૨૩૫થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો તેમજ પ્રખર મોટીવેશનલ સ્પીકર ક્ષી સંજયભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. જેના વક્તવ્યમાં સમાજને સાચી દિશા મળી રહે તે મુજબનું વક્તવ્ય આપ્યું હતું. ધોળેશ્વર બ્રહ્મસમાજના પ્રમુખ શ્રી ઉદયભાઈ ભટ્ટ મંત્રી શ્રી મિતુલ જોષી અને સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ શ્રી પિનાકીનભાઈ રાવલ ગાંધીનગરના પ્રમુખ શ્રી નરેશભાઈ દવે, મહામંત્રી શ્રી મુકેશભાઈ શુક્લ, સેક્ટર -૩ શાખા પ્રમુખ શ્રી રાજેશભાઈ દવે તથા તમામ કમિટી મેમ્બરોએ તેમજ મહિલાપાંખ અને યુવા પાંખ પ્રોગ્રામને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો. આ કાર્યક્રમ મા અંદાજે ગાંધીનગરના તમામ શાખાના ૧૨૦૦ જેટલા ભુદેવ પરિવારે બ્રહ્મભોજનનો આનંદ લીધો હતો.



અમદાવાદની મણીપ્રભુ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા દંતાલી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને નોટબુક નું વિતરણ કરવામાં આવ્યું



શ્રી બનાસકાંઠા પાંચ પરગણાં ઔદીચ્ય સહસ્ત્ર બ્રહ્મ સમાજ ગાંધીનગરની સાધારણ સભા તાઃ-૩/૭/૨૩નાં રોજ ગુરુ પુર્ણિમાનાં દિને સેક્ટર-૧૬ બ્રહ્મ ભવન ગાંધીનગર ખાતે સાધારણ સભા યોજવામાં આવેલ, જેમાં બોહળી સંખ્યામાં સમાજ નાં બ્રહ્મ અગ્રણી દ્વારા ઉપસ્થિત રહી સત્યનારાયણ ભગવાન કથા બાદ પરમ પૂજ્ય બ્રહ્મલીન આનંદ પ્રકાશ બાપજી નું ગુરુ પૂજન કરવામાં આવેલ ત્યાર બાદ પ્રમુખ તરીક શ્રી જગદીશકુમાર પી જોષી ભડવેલ તથા મહામંત્રી શ્રી જયરામભાઈ જોષી વાંમીની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનાં સ્થળદાતા, ભોજન પ્રસાદ દાતા શ્રી કુમકુમ કેટરર્સ ઉવારસાદ ગાંધીનગર નો ખુબ ખુબ ધન્યવાદ સહ નવનિયુક્ત કારોબારી ને ખુબ ખુબ અભિનંદન.

# સમસ્ત મહાજન દ્વારા પાલિતાણા ખાતે ત્રણ દિવસનાં ‘વૈશ્વિક અહિંસા મેગા સંમેલન’’નું આયોજન થયું



વૈશ્વિક સ્તરે જળ, જન, જમીન, જંગલ, જનાવરની સેવામાં કાર્યરત સમસ્ત મહાજનનાં કાર્યોમાં મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, રેસ્ક્યુ વર્ક, ગૌશાળા અને પાંજરાપોળોને સહાય તેમજ સ્વનિર્ભર બનાવવા, સ્વનિર્ભર ખેતી, જળ સંચય, જીવદયા રથ, ભોજન રથ, સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન તાત્કાલિક સહાય, પશુઓની કતલ તેમજ બલી અટકાવવી, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા, ગૌસેવા, માનવસેવા સહિતનાં અનેકવિધ સત્કાર્યોનો સમાવેશ થાય છે. ૨૧ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધ સામાજિક કારણો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઇ શાહ જે ભારત સરકારનાં એનીમલ વેલ્ફેર બોર્ડનાં સદસ્ય છે તેઓ વર્તમાન સમયમાં તે જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે. કચ્છ, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતનાં અનેક વિસ્તારોમાં ૩૦૦થી વધુ ગામોમાં તળાવ ઊંડા કરવા, ગૌચર નિર્માણ સહિતનાં કાર્યો માટે સમસ્ત મહાજન સેવારત છે.

સમસ્ત મહાજન દ્વારા પાલીતાણા ખાતે ત્રણ દિવસનાં “વૈશ્વિક અહિંસા મેગા સંમેલન” નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રણ દિવસનાં કાર્યક્રમમાં સફાઈ અભિયાન, સ્નેહમિલન સંમેલન, ગુજરાતનાં એક આદર્શ ગામ હાણોલ, પાલીતાણાની મુલાકાત, સમસ્ત મહાજન દ્વારા ગ્રામીણ ક્ષેત્રમાં કરવામાં આવતા વિકાસ કાર્યોનું અવલોકન, સાંસ્કૃતિક કાર્યક્રમ, આચાર્ય ભગવંતજીનાં આશિર્વચન, સમસ્ત મહાજનનાં પદાધિકારીઓ, કાર્યકર્તા સમિતિ, સલાહકાર બોર્ડની સમીક્ષા બેઠક વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભારત સરકારનાં પશુપાલન અને ડેરી મંત્રાલયનાં મંત્રી પરસોત્તમ રૂપાલા, ભારત સરકારનાં પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. વલ્લભભાઈ કથીરિયા, આચાર્ય ભગવંતશ્રીઓ, પૂજ્ય સાધ્વીજીઓ, પૂજ્ય બંધુબેલડીજી, પૂજ્ય શ્રી લલીત કિશોર શરણજી મહારાજ (શ્રી સૌરાષ્ટ્ર નિમ્બાર્ક પીઠ, મોટા મંદિર લીમડી), ગુરુઆશ્રમ, બગદાણાનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રેષ્ઠી વર્ય શ્રી મનજીદાદા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, ભીખાભાઈ બારૈયા, જામનગરનાં મેયર બીનાબેન કોઠારી, પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ મહેન્દ્રસિંહ સરવૈયા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ શિહોર, પાલીતાણા નગરપાલિકાના પ્રમુખ શીલાબેન શેઠ તેમના પ્રતિનિધિ અજયભાઈ શેઠ, નીકુલસિંહ સરવૈયા તેમજ ભાજપના સંગઠનના હોદ્દેદારો ચૂંટાયેલી પાંખના હોદ્દેદારો, એનીમલ વેલ્ફેર બોર્ડનાં સુનીલ માનસિંગકા (નાગપુર) સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ત્રિ-દિવસીય ‘વૈશ્વિક અહિંસા સંમેલન’નાં બીજા દિવસે કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાએ નવરત્ન આરાધના ભવનમાં એકત્ર થયેલી વિશાળ જનમેદનીને સંબોધન કર્યુ હતું. તેમણે પોતાના માનનીય પ્રવચનમાં કહ્યું ગાય એ આગમી સમયમાં દાન લેનારી નહિ પણ દાન દેનારી બને તે પ્રકારની અર્થ વ્યવસ્થાનું નિર્માણ આપણે કરવાનું છે. ભૂમિ સુધારણાની વાત હોય, પ્રાકૃતિક ખેતીની વાત હોય, આરોગ્ય સુધારણાની વાત હોય આ તમામ સામાજિક – ધાર્મિક - આર્થિક – શારીરિક – માનસિક મુદાઓમાં ગૌમાતા હંમેશા કેન્દ્રમાં રહી છે અને ભવિષ્યમાં પણ રહેવાની છે. ભારતનાં યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પણ ગોવર્ધન સહિતની યોજના થકી ગૌમાતાની ચરણ વંદના કરી છે. તેમણે એનીમલ હેલ્પલાઈનની સેવા સંબંધિત વિસ્તૃત જાણકારી આપી ‘ગૌ ટેક’ પ્રોડકટમાંથી બનતી દરેક વસ્તુ માનવ જીવનમાં કઈ રીતે ઉપયોગી છે તેની સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ગાય ભારતની સક્ષમ અર્થવ્યવસ્થાનું અનિવાર્ય કેન્દ્ર છે. વિધાતાના લખેલા નબળા વિધાનો ગાય માતાની જીભ અડતા સીધા થાય છે તેવી પણ ધાર્મિક માન્યતા છે.આ “વૈશ્વિક અહિંસા મેગા સંમેલન”માં જીવદયા સંસ્થાઓને સ્વાવલંબન તરફ વાળવા, ગૌ આધારીત સાંસ્કૃતીનું પુનઃસ્થાપન, ગૌચર વિકાસ, ગૌ આધારીત કૃષિ-આરોગ્ય અને પર્યાવરણર્થે જનજાગરણ, ગૌપાલન, જીવરક્ષા અંગેના વિવિધ કાયદાઓનું નિર્માણ તથા હાલના કાયદાઓના કડક અમલીકરણ, ગૌ સંવર્ધનને પ્રોત્સાહન, ગૌશાળા—પાંજરાપોળની આંતર માળખાકિય સુવિધાઓ ઉભી કરવા, પશુ-પક્ષીઓના આરોગ્યની જાળવણી, ભાવના અને વિજ્ઞાનનો સમન્વય, માનવ માત્રમાં પક્ષીઓ, પ્રાણીઓ પ્રત્યે વધુ કરૂણા જગાડવા, વરસાદી પાણીનો સંગ્રહ, સ્વદેશી વૃક્ષોનું વાવેતર, સ્વચ્છ દૂધ ઉત્પાદનોની ઉપલબ્ધી, પાકની રક્ષા માટે અહિંસક–સ્વદેશી ઉપચારો, શાકાહાર પ્રચાર-પ્રસાર સહિતના અનેકો મુદા ઉપર વિસ્તૃત, પ્રેકટીકલ અને દષ્ટાંતો સહિત પરીણામલક્ષી ચર્ચા કરવામાં આવી હતી.

ગૌમાતા હંમેશા ભારતની સંસ્કૃતિ અને અર્થવ્યવસ્થાનો આધાર રહી છે. ‘વૈશ્વિક અહિંસા મેગા સંમેલન’ એ એક ઐતિહાસિક પ્રયાસ છે જેમાં ગાય-કેન્દ્રિત અને ગાય આધારિત ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ વર્ગના સેંકડો લોકો ભાગ લઈ રહ્યા છે.

# પ્રશ્રિમ સંસ્કૃતી ભારતીય સંસ્કૃતીની વચ્ચે સમાજ. સોસાયટીની વાસ્તવિક તાની રજૂઆત , બા તને હું ક્યાં રાખુ ?

ગુજરાત અને ગુજરાતીઓ સંસ્કૃતી માટે વિશ્ર્વ વિખ્યાત છે એમા પણ જ્યારે રીત રીવાજ માટે ગુજરાત ના લોકો સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રોગ્રામ મા રસ ધરાવતા હોય છે ત્યારે ગુજરાત મા છેલ્લા ૨૦ વર્ષ થી ઓગેનાઈઝર .મેનેજમેન્ટ તેમજ છેલ્લા ૫ વર્ષ થી જાણીતા રિધમ કોમ્યુનિકેશન ના શ્રી ભાવિક ભાઈ શાહ દવારા સામાજિક. કોમેડી .સસપેનસ.નાટકો રજૂકરી વિવિધ સમાજ .સંસ્થાઓ મા પોતાની એકછાપ બનાવી છે આ નાટક મા રિધમ કોમ્યુનિકેશન સાથે જાણીતા પલેબેક સીગંર ડો. મિનલ ઠક્કર નિર્મિંત તરીકે જોડય નવી શરૂઆત કરી છે તયારે ફરી ગુજરાત ની કલાપ્રેમી જનતા સમક્ષ એક નવુ નાટક .બા.તને હું ક્યા રાખુ ? લય આવ્યા છે જેમા ખૂબ જાણીતા કલાકારો અલ્પના મજમુદાર ( કિશ્રના કોમ્યુનિકેશન) દિગદશિક કલાકારો અલ્પના મજમુદાર. ગૌરાંગ જે ડી



તન્મય ખરસાણી બ્રિજેશ સોલંકી ડિમ્પલ ઉપાધ્યાય હેતલ જાદવ ટૂવીશા ભટ્ટ દ્વારા સુંદર અભિનય જોવા મલયો આ કાર્યક્રમ મા જાણીતા હાટઁ ફાઉન્ડેશન ના ટ્રસ્ટી શ્રી નિતિન સુમન શાહ ના આર્થિક સહયોગ લો ગાર્ડન ખાતે ઠાકોર ભાઈ દેસાઈ હોલ ખાતે યોજય ગયો જેમા પ્રેક્ષકો એ સંવાદ અને અભિનય ને વન્સ મોર થી નાટય ગૃહ મા એક અલગ વાતાવરણ જોવા મળયુ

# ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશનની એન્યુઅલ જનરલ મીટીંગ રાજકોટ ખાતે યોજાઈ



ઉપરોક્ત પુરાવા એકઠા કરીને મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી, સરકારશ્રીના અધિકારીઓ અને વિરોધ પક્ષમાં નેતાશ્રીને આ બદી દૂર કરવા રજુઆત કરાશેઉપરોક્ત છબ્સ્માં હ્વઢ્ઢ પ્રેસિડન્ટ શ્રી પ્રકાશ કરમચંદાની, ડેપ્યુટી પ્રેસિડન્ટ શ્રી હેમાંગ રાવલ, મહામંત્રી શ્રી વિશાલ પંડ્યા, અમદાવાદ એજ્યુકેશન ગ્રુપના ચેરમેન વિજય મારુ, પ્રમુખ શ્રી સતીશ શાહ, એડવાઈઝર શ્રી ઝંકૃત આચાર્ય, હ્વછછ રજિસ્ટ્રાર શ્રી દિનેશ ચૌહણ સહિત ગુજરાતના વિવિધ જિલ્લા અને તાલુકામાંથી શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા.હેમાંગ મહિપતરામ રાવલ,ડેપ્યુટી પ્રેસિડન્ટ ફેડરેશન ઓફ એજ્યુકેશન એસોસિએશન ગુજરાત




**રોટરી ક્લબ ઓફ સુરત હજીરા બે અને મણીપ્રભુ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા રવિવારે અમદાવાદની ચાંદખેડા વિસ્તાર ની ઉપવન રેસીડેન્સીમાં, પ્રથમા બ્લડ સેન્ટરની ના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૪૬ યુનિટ બ્લડ એકત્રિત થયું હતું.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

# શાકાહાર અને અધ્યાત્મ-સંત રાજીન્દર સિંહજી મહારાજ



આજે કેટલાય ડોક્ટરો દ્વારા લોકોને તંદુરસ્ત રહેવા માટે શાકાહારી ભોજન અપનાવવા નો ઉપાય બતાવવામાં આવે છે. એવું બતાવે છે કે શાકાહારી ભોજન જ આપણા શરીર ને પર્યાપ્ત પોષણ આપે છે અને માંસાહારી થી થતી બીમારીઓ થી બચાવ કરે છે. જોકે શાકાહારી ભોજન ના અન્ય પહેલું પણ એટલા જ મહત્વપૂર્ણ છે. સંત-મહાત્મા આપણને સમજાવે છે કે શાકાહારી ભોજન સ્વાસ્થ્ય ની સાથે-સાથે આપણા ભોજન અને આપણી આધ્યાત્મિક ઉન્નતિમાં પણ ગાઢ સંબંધ છે.

અંતરમાં જોડાવવું આધ્યાત્મ માત્ર આપણા અંતરમાં જોડાવા નું જ નહી પરંતુ આ એ રચના ના બધા જીવો થી પ્રેમ કરવો અને એમનું ધ્યાન રાખવાનું હોય છે. આધ્યાત્મમાં આપણે આપણું વાસ્તવિક સ્વરૂપ એટલે આપણી આત્મા જે પરમાત્માનો અંશ છે, એનો અનુભવ કરવાનો સમાવેશ છે. જેવી રીતે કે આ બ્રહ્માંડ, પૃથ્વી અને બધા જીવ પરમાત્માએ બનાવ્યા છે તો આ સ્વાભાવિક રૂપથી આપણી બધાની જવાબદારી છે કે આપણે બધા જીવોનો સન્માન કરીએ અને કોઈને હાની ન પહોંચાડીએ. આ કારણ છે કે જે લોકો પોતાની આત્મા થી જોડાય છે, એ શાકાહારી ભોજન ને અપનાવે છે?. એમને લાગે છે કે પરમાત્મા એ આપણને જીવતા રાખવા માટે પર્યાપ્ત માત્રામાં ફળ, શાકભાજી અને અનાજ આપ્યું છે. ભોજન ની માટે કોઈપણ જીવની હત્યા કરવાની કોઈ આવશ્યકતા નથી.


આપણે આપણા કર્મ માટે પોતે જ જવાબદાર છીએ. જાગૃત લોકોએ હંમેશા આપણને શીખ્યું છે કે જાનવરો માં પણ ચેતનતા એટલે કે આત્મા હોય છે જે આપણી જેમ જ પરમાત્માનો અંશ છે. એટલા માટે જ શાકાહારી ભોજનનું આધ્યાત્મિક મહત્વ એ જ છે કે આપણે કોઈપણ જીવને તકલીફ નહીં આપીએ અથવા તેના પ્રાણ લઈશું નહી. શાકાહારી ભોજન ધ્યાન અભ્યાસમાં પ્રગતિ કરવામાં મદદ કરે છે.જે લોકો ધ્યાન અભ્યાસ માં સુધારો લાવવા અને રૂહાની ઉન્નતિ કરવા ઈચ્છે છે તેમને શાકાહારી ભોજન લાભ પહોંચાડી શકે છે. જે લોકો આધ્યાત્મિક રીતે આગળ વધવા ઈચ્છે છે અને પોતાની આત્માનો અનુભવ કરવા ઈચ્છે છે તેઓ ધ્યાન અભ્યાસ દ્વારા તે કરી શકે છે જે ફક્ત શાકાહારી ભોજનથી જ પ્રાપ્ત થઈ શકે છે. ધ્યાન અભ્યાસમાં ચેતનની જરૂરત હોય છે. ઘણીવાર આપણે ધ્યાન બહારના નજારાઓ, અવાજ ,સુગંધ, સ્વાદ અને દુનિયાના આકર્ષણમાં લાગેલું રહે છે. અને આજે આપણને આંતરિક રૂહાની ઉપચારથી દૂર રાખે છે જેમ કે અંતરમાં જવા માટે એકાગ્રતાની જરૂર હોય છે.

ધ્યાન અભ્યાસમાં એકાગ્રતા માટે આપણે શાંત અને સંયમિત થવાની જરૂર છે. મૃત જીવોના ભોજન થી પરહેજ કરીને આપણને શું લાભ થશે? જરા વિચારો! કેટલા તણાવ સંબંધી હોર્મોન્સ આપણે આપણા શરીરમાં સામેલ કરી રહ્યા છીએ જે તે પશુ પક્ષી અથવા માછલી માં હાજર હોય છે, જ્યારે તેમને કસાઈ ઘરમાં રાખવામાં આવે છે અથવા મારી નાખવામાં આવે છે. જ્યારે આપણે તેનું સેવન કરીએ છીએ તો તે આપણા શરીરનો ભાગ બની જાય છે.

શાકાહારી ભોજન કરવાથી પ્રકૃતિના બહુ જ ઓછા તત્વોનો નાશ થાય છે. કેમ કે તેનું જીવન નષ્ટ કરવાનો સૌથી ઓછું પ્રમાણ હાજર છે. જે લોકો ધ્યાન અભ્યાસમાં તીવ્ર ગતિથી પ્રગતિ કરવા ઈચ્છે છે તેમના માટે શાકાહારી ભોજન કરવું મહત્વપૂર્ણ છે. વિશ્વના કેટલાક મહાન દાર્શનિક, કવિ, કલાકાર, લેખક અને જાગૃત લોકો પણ શાકાહારી રહ્યા છે જેમ કે આઇઝેક ન્યૂટન, મહાત્મા ગાંધી અને આલ્બર્ટ શ્વેત જ એવા કેટલાક દાર્શનિક, વૈજ્ઞાનિક, પરોપકારી અને નેતાઓના ઉદાહરણ છે જેમણે અહિંસા નો રસ્તો અપનાવીને શાકાહારી ભોજન દ્વારા બીજા લોકોને પણ પ્રેરિત કર્યા છે.

મહાન ભૌતિક વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું છે કે×મનુષ્યને સ્વસ્થ જીવન જીવવા માટે કોઈપણ વસ્તુ એટલો લાભ નથી આપી શકતી જેટલું કે શાકાહારી ભોજન× જે લોકો આખી માનવ જાત માટે પ્રેમ અને અહિંસા થી ભરેલું જીવન પસાર કરવા ઈચ્છે છે અને પોતાની રૂહાની પ્રગતિ કરવા ઈચ્છે છે તો શાકાહારી ભોજન તેમને મદદ કરી શકે છે. આપણને પરમાત્માની રચનામાં ન ફક્ત પોતાનાથી નાના જીવો અને પૂરી માનવતા પ્રત્યે દયા અને કરુણા નો વ્યવહાર કરવો જોઈએ પરંતુ સ્વયં પોતાની જાત પર પણ દયા કરવી જોઈએ. તો આવો આપણે આપણા જીવનમાં શાકાહારી ભોજન અપનાવીએ અને સૃષ્ટિના બધા જીવો પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કરીએ અને સાથે સાથે પોતાની આધ્યાત્મિક પ્રગતિ તરફ વધીએ.

# અમિતાભની અદાકારી અને સલીમજાવેદની કમાલ જંજીર




જંજીર ફિલ્મને ૫૦ વરસ પુરા થઈ ગયા છે આજે પણ જંજીર જોયા પછી એમ લાગે છે કે ઈન્સ્પેક્ટર વિજયના પાત્રમા અમિતાભ સીવાય બીજું કોઈ નામ વિચારી જ ના શકાય.જંજીર રિલીઝ થઈ ત્યાં સુધી સિનેરસીકો માટે પ્રાણ અને જયા મોટા નામ હતા પણ જંજીર રિલીઝ થઈ અને બૉલીવુડમા એક ઈતિહાસ રચાઈ ગયો એક જ અઠવાડિયામા અમિતાભ સ્ટાર તરીકે ફિલ્મ સામાયિકના મુખપુષ્ઠ પર ચમકવા માંડ્યા એ ચમક આજે ૨૦૨૩ મા પણ ઝાંખી પડી નથી

. ધર્મેન્દ્રની પ્રકાશ મહેરા સાથેની સમાધિ રજુ થઈ ફિલ્મ સુપરહિટ થઈ

પ્રકાશ મહેરા અને ધર્મેન્દ્ર વચ્ચે સારી એવી દોસ્તી થઈ ગઈ હતી એ વખતે ધર્મેન્દ્રએ સલીમજાવેદ પાસેથી ૯૫૦૦ રૂપિયામા એક વાર્તા ખરીદી હતી. પ્રકાશ મહેરાએ પોતાના દોસ્ત ધર્મેન્દ્ર પાસેથી એ વાર્તા ૫૫૦૦૦.હજાર રૂપિયા આપી ખરીદી લીધી પછી એ વાર્તા પરથી ફિલ્મ બનાવવા દિલીપકુમાર ધર્મેન્દ્ર અને દેવઆનંદ રાજકુમારનો સંપર્ક કર્યો. બધાના ઈન્કાર પછી સલીમ જાવેદના કહેવાથી જંજીર અમિતાભને મળી.

૧૧ મી મે ૧૯૭૩ ના દિવસે જંજીર રજુ થઈ. બસ બૉલીવુડને એક નવો એંગ્રીયંગમેન મળી ગયો આ સાથે જ પ્રકાશ મહેરા અમિતાભની નવી જોડી બની જે ૧૯૮૯ ની જાદુગર સુધી ચાલી આ જોડીએ નમક હલાલ મુકદર કા સિકંદર લાવારિસ શરાબી જેવી સુપરહિટ ફિલ્મો આપી

જંજીર ફિલ્મની કહાની મનમાં ગુસ્સો અને વિદ્રોહભર્યો હોય એવા એક ઈમાનદાર પોલીસ ઓફિસર વિજયની હતી વિજયની કહાનીમા ભારતર્ની મધ્યમ વર્ગની પ્રજાનો આક્રોશ અને લાવા પણ ભળેલો હતો અમિતાભમા ભારતીય પ્રજા પોતાનું અવ્યક્ત પ્રતિબિંબ નિહાળતી હતી

જંજીરની સફળતામા બચ્ચન ઉપરાંત સલીમ જાવેદની ચુસ્ત પટ કથાનો પણ હતો પ્રાણ શેરખાન અને તેજા અજિતે પણ પોતાની ભૂમિકામા જાન રેડી દીધો હતો.

એ વખતે રાજેશ ખન્નાનો દોર હતો. ફિલ્મોમા રોમાન્સ જરૂરી મનાતો હતો નાચગાન તો કમ્પલસરી હતું થોડી કોમેડી પણ જરૂરી હતી પણ જંજીરમા આમાંનું કશું નહોતું હીરો પડદા પર એક પણ ગીત ગાતો નથી સલામ છે પ્રકાશ મહેરાને નવો ચીલો ચાતર્યો હતો એક એવા અભિનેતાને લઈને જેની છેલ્લી ફિલ્મો સતત નિષ્ફળ ગઈ હતી

એક તો પ્રકાશ મહેરાએ પહેલીવાર પોતાના રૂપિયા રોકી ફિલ્મ બનાવી હતી એક નિષ્ફ્ળ અભિનેતા સાથે ફિલમ બનાવવાનું કામ જોખમ વહોરી લેવા જેવું હતું અમિતાભને હિરો તરીકે લેવા પ્રકાશ મહેરાને સલીમજાવેદે સમજાવ્યા હતા સલીમ જાવેદ અમિતાભની પરવાના અને બોમ્બે ટુ ગોવા નિહાળી ચુક્યા હતા

સલીમ જાવેદે વિતરકોને પણ ફિલ્મ વેચવામાં મદદ કરી હતી એંગ્રી યંગમેન હિંદી ફિલ્મોની સૌથી વધુ ટકાઉ ફોર્મ્યુલા છે જેણે એક પછી એક અનેંક હિટ ફિલ્મો આપી છે સલીમ જાવેદની એ ફોર્મ્યુલાએ અનેંક અભિનેતાને સ્ટાર બનાવી દીધા છે.

સલીમ જાવેદની પટકથાની કમાલ એ હતી કે શેરખાન પ્રાણ સાથેની દોસ્તી અને વિલન તેજા અજિત સાથેની દુશ્મનીને એવી રીતે રજુ કરવામાં આવી હતી કે સળંગ સ્ટોરી તમને ખુરશી પર જકડી રાખે

ફિલ્મમાં પ્રાણ અને અમિતાભ વચ્ચે શરૂઆતના દ્રશ્યો યાદગાર હતા જેમાં પ્રાણ કહે છે × ઈલાકે મે નયે આયે હો વરના શેરખાનકો કોણ નહી જાનતા? અમિતાભ જોરદાર જવાબ આપતાં કહે છે કે જબ તક બેઠને કો કહા નહીં જાયે શરાફ્ત સે ખડે રહો યે પુલીસ સ્ટેશન હે તુમ્હારે બાપ કા ઘર નહીં હે અમિતાભ અને પ્રાણ વચ્ચેની શરૂઆતની દુશ્મની અને પછી ગહરી દોસ્તી અને અમિતાભ અજિત વચ્ચેની દુશ્મની આ ફિલ્મના બે મુખ્ય પાસા હતાફિલ્મમાં અમિતાભ અને પ્રાણની દોસ્તીનો મહિમા કરતું ગીત ઉરી યે ઈમાન મેરા સુપરહિટ રહ્યું હતું આ ગીત માટે ગીતકાર ગુલશન બાવરાને ફિલ્મફેર એવોર્ડ પણ મળ્યો હતો

**અબ્બાસભાઈ કોકાવાલાં.સુરત**

# પ્રાર્થનાઃ એક પોકાર દિલથી




પ્રાર્થના એટલે ઈશ્વર સાથે જોડાવાનું તાદાત્મ્ય. જેમ જીવમાત્રને ટકી રહેવા માટે ખોરાકની જરૂર પડે એમ પ્રાર્થના આત્માનો ખોરાક છે. પ્રાર્થનાથી મનની શાંતિ તો પ્રાપ્ત થાય છે પણ સાથે સાથે ઈશ્વરનું અસ્તિત્વ હોવાનો વિશ્વાસ પેદા થાય છે. એક રીતે જોઈએ તો પ્રાર્થના એ ઈશ્વર તરફનો અહોભાવ પ્રગટ કરવાની રીત જ છે.

આપણી મનુષ્યજાત એટલી બધી સ્વાર્થી છે કે પ્રાર્થના કરતાં કરતાં પણ ઈશ્વરને જાણે આપણી સમસ્યા કે માંગણીઓનું મોટુંમસ લિસ્ટ પકડાવી દેતા હોઈએ છીએ. "ભગવાન! મારું આ કામ કરી દો..હું આમ કરીશ કે તેમ કરીશ.." વગેરે .જાણે ભગવાન નાનું બાળક હોય ને શ્રીફળ કે ભોગથી રાજી થઈ જવાનું હોય! જરૂરી નથી કે પ્રાર્થના કરવા માટે સામે ઈષ્ટદેવની છબી હોય કે પછી કોઈ મંત્ર કે સ્તુતિ રાગબદ્ધ ગાતાં આવડતું હોય. પ્રાર્થના કરવા માટે કોઈ ચોક્કસ સ્થળની પણ જરૂર નથી. ગમે તે સ્થળે અને ગમે તે સમયે પ્રાર્થના કરી શકાય છે. એક વાર એક બાળકને એની માતાએ પ્રાર્થના કરવાનું કહ્યું તો તે બે હાથ જોડીને એબીસીડી બોલવા લાગ્યો. એની માતાએ એમ કરવાનું કારણ પૂછ્યું તો કહે, 'મને ખબર નથી ભગવાનને શું કહેવું..પણ એબીસીડી બોલું તો એ એના ગમતા શબ્દો શોધીને ગોઠવી લેશે.." ઈશ્વરને વીનવવા શબ્દોની જરૂર નથી, માત્ર સાચો ભાવ જ જોઈએ. નાનકડો એ બાળ એટલું તો સમજ્યો! હૃદયનાં શુદ્ધ ભાવથી કરેલી પ્રાર્થના ઈશ્વર અચૂક સાંભળે છે.

સાચું કહું તો પ્રાર્થના એ હકરાત્મકતાનો સ્ત્રોત છે. પ્રાર્થના નકરાત્મકતાને દૂર કરીને જીવનને નવી ઊર્જાથી ભરી દે છે. ક્યારેક કોઈ અણધાર્યો કે અનિચ્છનીય બનાવ બને તો આપણે જાણ્યે અજાણ્યે પ્રાર્થના કરવા લાગી જઈએ છીએ અને ઈશ્વરીય શક્તિ પણ એવે વખતે પડખે ઊભી રહેતી હોવાનું અનુભવીએ છીએ. એથી ઈશ્વર તરફની આપણી શ્રદ્ધા વધુ મજબૂત બને છે. હોસ્પિટલમાં કોઈ દર્દી જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતો હોય એ સમયે એની અંગત વ્યક્તિની પ્રાર્થનાથી બેઠો થઈ જાય એવું પણ બને. આ તો થઈ શ્રદ્ધા અને વિશ્વાસની વાત. કહેવાય છે ને કે "શ્રદ્ધાની હોય જ્યાં વાત ત્યાં પુરાવાની કોઈ જરૂર નથી." પ્રત્યેક વ્યકિતનાં અભિવ્યકિત અને અનુભવો જુદા હોઈ શકે.

સમગ્ર સૃષ્ટિમાં મનુષ્ય જ એકમાત્ર પ્રાણી છે જેને સર્જનકર્તાએ બુદ્ધિમત્તા આપીને બીજાં પ્રાણીઓથી અલગ બનાવ્યો છે. મનની અગાધ શક્તિઓ એ પરમાત્માની જ દેન છે. આપણાં અમુક કામો ન થતાં હોય ત્યારે ઘણાં લોકો 'ફલાણા મંદિરે દર્શન કરી આવો' કે પછી 'અમુક દરગાહમાં ચાદર ચડાવી આવો' એવી સલાહ આપે છે. આ બધી માન્યતાના મૂળમાં પ્રાર્થનાનું તત્વ જ વધુ અસર કરતું હોય છે. પ્રાર્થના કરવાથી મનની આંતરિક શક્તિઓ જાગ્રત થાય છે અને એનાથી નિર્ણયશકિત મજબૂત બને છે. વિકટ પરિસ્થિતિમાં કરેલી પ્રાર્થનાથી માણસને સંજોગો સામે લડવાની શકિત પ્રદાન થાય છે. એથી અશક્ય કામ પણ શક્ય બને છે જેને આપણે 'ચમત્કાર' માં ખપાવીએ છીએ.

પ્રાર્થના એટલે માંગવું, વિનંતી કરવી કે ઈચ્છા કરવી એ આપણે સૌ જાણીએ છીએ. પણ માત્ર માંગવું એ પ્રાર્થના હોઈ શકે? આપણામાંથી સાચે જ કેટલાં એવાં છીએ કે જે પ્રાર્થનાથી ઈશ્વરનો આભાર વ્યક્ત કરે છે? આપણે આપણાં બાળકોને પ્રાર્થના કરતાં તો શીખવીએ છીએ પણ સાથે સાથે પોતે કરેલી ભૂલ માટે ક્ષમા માંગવી અને ક્ષમતા કરતાં વધુ આપવા બદલ ઈશ્વરનો આભાર માનવો એ પણ આપણે જ શીખવવું પડશે.

મિત્રો, આપણે સૌએ પરમકૃપાળુ પરમાત્માને એક પ્રાર્થના અવશ્ય કરવી જોઈએ.."તમસો મા જ્યોતિર્ગમય" અર્થાત અજ્ઞાનરૂપી અંધકારમાંથી સૌને જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જાઓ.

# ઈતિહાસમાં આજ દિન સુધી ક્યારેય પરચૂરણબંધી થયાનું સાંભળ્યું છે???

એક પ્રશ્ન કાયમ નિરુત્તર છે. પહેલાં મરઘી કે પહેલાં ઈંડુ ?કોઇ વ્યકિત સચોટ અને સાચો જવાબ આપી શકે તેમ નથી . લગ્ન પહેલા પૂરૂષ સુખી રહેતો હતો કે લગ્ન પછી સુખી રહે છે એ અંગે વિખ્યાત જ્યોતિષી નોસ્ટ્રોડોમસ પણ આગાહી કરી શકે નહીં. અગર આગાહી કરે તો શતપ્રતિશત ગલત પુરવાર થવાના ગોલ્ડન ચાન્સીસ રહે છે. એ જ રીતે પત્નીને કાબુમાં રાખવાના પેંતરા બુમરેંગ થઇ ગોરધનના છોતરા કાઢી નાંખે એ સત્ય સોના-તાંબા-ચાંદીના પત્રે લખી નાંખો.આ ગેરેંટી વિવાહ માટે હવાતિયા મારતા રાજુ રદીએ છાતી ઠોકીને (રાજુ રદીની છાતી છપ્પનની ન હોવાથી છાતી ઠોકે છે તો પાંચ ઈંચનો ધોબો પડતાં ઓગણત્રીસની થઇ જાય છે!!) કહે છે!!પરચૂરણ અને આખા રૂપિયામાં કોણ ચડે તે વિવાદાસ્પદ છે. દૂધની કોથળી લેવા જાવ તો બે રૂપિયા કે એક રૂપિયો ચૂકવવાના હોય ત્યારે ગ્રાહક પાંચસોની નોટ છે. છૂટા બે રૂપિયા નથી તેવા લાળા ચાવે છે. સામા પક્ષે દુકાનદાર કડવા સૂરે ( દૂધવાળો પાછો કડવા પટેલ હેય તો મીઠું કેવી રીતે બોલી શકે?? કડવા એક પદનો પ્રકાર છે.કડવા વેણ સાંભળીને મધુપ્રમેહ ઘટતો હોય કે નહીં પણ રકતચાપ ઊંચો જાય છે!!) ગ્રાહકો પરચૂરણ લાવતા નથી . બધા પાંચસો બે હજારનું નોટડું કાઢે છે! સો રૂપિયે દસ રૂપિયાનું કમિશન ચૂકવીને નેવું રૂપિયાનું પરચૂરણ લાવું છું. મારે નફાને બદલે નુકસાનનો ધંધો કરવાનો ?એવું આક્રોશ પૂર્વક કહે છે.

એક જમાનામાં બસમાં મુસાફર પચાસ પૈસા કે પચીસ પૈસા પરત લેવા બસ માથે લેતા હતા. કંડકટર ટિકિટ પાછળ પચાસ પૈસા કે રૂપિયો લખી તેની ટૂંકી સહી, તારીખ અને ટ્રીપનું નામ તારીખ કંડકટર બેજ નંબર લખી આપે એટલે પેસેન્જર ઇડરિયો ગઢ જીત્યાની દિવ્યાનુભૂતિ અનુભવતો હતો!!પરંતું કોમેડી કે ટ્રેજેડી ત્યારે થતી કે કંડકટરે ટિકિટ પાછળ લખેલા બેરર ચેક કે ટ્રાવેલર ચેક કપડાં ધોવાનાં જાય ત્યારે ધોવાઇ જાય ત્યારે બારે વહાણ ડૂબી ગયા હોય તેવી બેડ ફિલિંગ આવે!!(બાર વહાણનો વીમો ઉતારેલ હોય તો કશું ડૂબતું નથી, પણ બહું બધું તરી જાય!!)તમે ઘણી વાર સાંભળ્યું હશે કે એક રૂપિયામાં શું આવે? જાણે કે રૂપિયાની જાદુઈ શક્તિ હણાઈ ન ગઇ હોય!! રાજા રજવાડાંમાં ગાડાના પૈડા જેવા રૂપિયાનો ઉલ્લેખ સાંભળ્યો હશે. રાણીછાપ રૂપિયાની આજે પણ તેના એક રૂપિયાના મૂલ્ય સામે અનેકગણી કિંમત આવે છે!!

પેલાંના સમયમાં મહેમાન આવે અને જાય ત્યારે નાના છોકરાને પાંચ પૈસાનો સિક્કો આપે તો જાણે કુબેરનો ખજાનો સાંપડ્યો હોય તેવો આનંદ આવતો. નાના છોકરા માટી કે પ્લાસ્ટિક કે ધાતુની પીગી બેંકમાં સિક્કા નોટ નાંખ્યા કરતાં જે સંકટ સમયે સાંકળનું કામ કરતા!!આજે છોકરાને રૂપિયાનો સિક્કો આપો તો મોં મચકોડશે અને રૂપિયાનો સિક્કો પાછો આપશે!!

મંદિરની બહાર લાઇનમાં બેઠેલા અમીર ભિખારીઓ ભીખમાં અપસેટ પ્રાઇઝ એટલે કે તળિયાની ભીખ દસ રૂપિયાથી શરૂ કરે છે. સાબ ભૂખ્યો છું પિત્ઝા ખાવા સો રૂપિયા દેજો. ભગવાન તમને સુખી રાખશે!!!

એને કહેવાનું મન થાય કે રોજે રોજ પિત્ઝા હું પણ ખાતે નથી.સાલ્લાઓ પેટીએમ કે યૂપીઆઇથી ડીજીટલ ભીખ લે. તમે હજાર રૂપિયા ભીખમાં આપો તો સતર રૂપિયાનું કેશબેક રિટર્ન ભીખ તરીકે આપે!!

?આપણે નોટ પ્રેમી માણસો છીએ. તમે કદી ક્યાંય સાંભળ્યું કે એસીબીએ લાંચના છટકામાં લાંચ મની તરીકે પરચૂરણ કે ચિલ્લરનો ઉપયોગ કર્યો હોય. કામ વગરના કે બિનઉપયોગી માણસને ચિલ્લર તરીકે ગણીએ છીએ!!

નાની ખરીદી માટે પરચૂરણ શોધ્યું જડતું નથી બેકરી, કરિયાણા, મેડીકલ સ્ટોર કે મોલમાં ચિલ્લરને બદલે ચોકલેટ ધરાર આપે છે!!

તમે મંદિરમાં જઇ શ્રધ્ધાપૂર્વક દર્શન કરી એક રૂપિયાનો સિક્કો ગોલકમાં નાંખો. ચમત્કારા થઇ જાય. “ વત્સ” એમ સ્વયં પ્રભુ કહે. “ આજ્ઞા પ્રભો!” એમ કહીને અદબથી ઉભા રહો.પ્રભુ ગોલકમાંથી તમારો રૂપિયો કાઢી તમને પરત કરે! પ્રભુ ઉવાચ” વત્સ, એક રૂપિયાની ખરીદ કિંમત માત્ર પંદર પૈસા છે. આટલા વળતરમાં તારે આલિયા ભટ જેવી પત્ની, અંબાણી જેવી કમાણી, એન્ટિલિયા જેવું અનિકેત, કુબેર જેવો ખજાનો,સ્વિસ બેંકમાં એકાઉન્ટ, યયાતિ જેવી યુવાની, ઉર્વશી-રંભા જેવી અપ્સરાનો સહવાસ મેળવવો મુશ્કેલ નહીં પણ નામુમકીન છે!!હવે મેં એસઓઆર અપડેટ કર્યો છે.આ તારો રૂપિયો રોડોને મંદિર બહાર બેઠેલો ભિખારી પણ હાથ ઝાલશે નહીં!!ફૂલવાળા, કરિયાણાવાળા, પાનના ગલ્લાવાળાઓને રોજ પરચૂરણની લેવડદેવડ કરવી પડે. એ લોકો પરચૂરણ પૂરું પાડનાર પાસેથી સો રૂપિયાની નોટ આપીને નેવું રૂપિયાનું ચિલ્લર લે. ચિલ્લર આપનારો રૂપિયા દસનું કમિશન લે. એ કમિશન નોટ સ્વરૂપે વસૂલે કે સિક્કા સ્વરૂપે તે તપાસનો વિષય છે!! ડિજિટલ ટ્રાન્જેકશનમાં કેશબેક એ ક્યારેય કેશ સ્વરૂપે હોતી નથી કે બેક- પરત મળતી નથી!!

આ પ્રકારના નમૂના બેંકના લાખ રૂપિયાના સિક્કા લઇ જાય અને બેંકના બચત ખાતામાં જમા કરાવે. તમે બેંકોમાં રૂપિયા ગણવાના કે નોટ અસલી છે કે નકલી છે તેની ચકાસણી કરવા માટે મશીન હોય છે, પણ પરચૂરણ કે ચિલ્લર ગણવાના મશીન જોવા મળે તો મને જાણ કરજો!!!

તચીનમાં એક વ્યક્તિ એક ટ્રકમાં લગભગ ૯૦૦ કિલો સિકકા લઇને પહોંચ્યો અને તેને મ્સ્ઉ કાર મળી. આ કારની કિંમત લગભગ ૫૦ લાખ રૂપિયા હતી, પહેલા તો આ કાર વિશે શોરૂમના માલિકને તે વ્યક્તિ વિશે સાંભળીને આશ્ચર્ય થયું. વ્યક્તિએ કારના શોરૂમના માલિકને ચિલરથી ભરેલો ટ્રક બતાવ્યો, કાર શોરૂમ માલિક સ્તબ્ધ થઈ ગયો. આ ૯૦૦ કિલો ચિલર જોઈને આશ્ચર્યચકિત થઈને શોરૂમના માલિકે કહ્યું કે હવે તમે મને કહો કે આપણે આટલા બધું ચિલર કેવી રીતે લઈ શકીએ? જ્યારે આ ચીની વ્યક્તિએ કારના શોરૂમના માલિકને આટલા ચિલર લાવવાનું કારણ કહ્યું, તો માલિક પણ ઉંડા વિચારમાં પડી ગયો. તે ચીની વ્યક્તિએ કહ્યું કે મને નાનપણથી જ કારોનો શોખ છે, મોટા થયા પછી મારો આ શોખ વધતો ગયો. મારી મોટી ઈચ્છા હતી કે એક મોંઘી મ્સ્ઉ કાર હોય જેની કિંમત ૫૦ લાખ છે. હું આટલી મોટી રકમ ગોઠવવામાં અસમર્થ હતો તેથી મેં મારી સખત મહેનત કરી — મ્સ્ઉ કાર ખરીદ કરવા પાઇ પાઇ ઉમેરી. તે કાર શોરૂમના માલિકના હૃદયને અસર કરી. તેને દયા આવી, આ ચીની વ્યક્તિની વાત સાંભળીને તે ઓગળી ગયો. આખરે શોરૂમના માલિકે ચીની વ્યક્તિને મ્સ્ઉ કાર આપવાની તૈયારી બતાવી. તેણે તરત જ બેંકના કર્મચારીઓમાંથી કેટલાક લોકોને સિક્કા ગણવા બોલાવ્યા. ચિલર્સની ગણતરીમાં, બેંકના ૧૧ કર્મચારીઓની મદદ લેવામાં આવી હતી, જેમણે દસ કલાકની મહેનતથી સિક્કા ગણતરી મશીનની મદદથી આ સિક્કાઓની ગણતરી કરી હતી. ૯૦૦ કિલો વજનવાળા આ સિક્કા ૧.૫ લાખ હતા. આખરે કાર રૂમના આખા સ્ટાફે, આ ચીની વ્યક્તિની દરિદ્રતાને માન આપતા, તેના સ્વપ્નની ચાવી એટલે કે બીએમડબ્લ્યુની ચાવી એક આપી. તેણે ચાવી લીધી અને શરૂ કરીને ચાલ્યો ગયો. હમણા કર્ણાટક રાજ્યની ચૂંટણી યોજાઇ . તેમાં એક અપક્ષ ઉમેદવાર ડિપોઝીટ તરીકે ભરવાની રકમ ચિલ્લરમાં લાવ્યો. ચૂંટણી સંચાલન નિયમો કે લેંક પ્રતિનિધિત્વ અધિનિયમનાં પણ ડિપોઝીટ તરીકે ચિલ્લર સ્વીકારવા

આભાર - નિહારીકા રવિયા

પર મનાઇ નથી.એટલે ચૂંટણી અધિકારીને નિર્વિકલ્પે નાઇલાજ થઇ ડીપોઝીટ તરીકે પરચૂરણ ભરેલો કોથળો સ્વીકારવો પડેલો. અલબત, જનતા જનાર્દને પરચૂરણ ઉમેદવારને મત મારફત સમર્થન આપી રણકતો રૂપિયો અર્થાત્ વિધાયક બનાવ્યો કે નહીં તેની બખડજંતર ચેનલે જાણકારી નથી!!સુરતના ભટાર રોડ પર એક વેપારી અન્નપૂર્ણા પૂજન સ્ટોરના નામથી દુકાન ચલાવતા.તેમની દુકાનમાં વારંવાર છૂટ્ટાની જરૂર પડતી હોઈ તેમને પરચૂરણની ખૂબ જરૂર પડતી હોય છે. શનિવારે તેમની આ દુકાનમાં એક અજાણ્યો ઈસમ આવ્યો હતો. તેણે તેની પાસે સવા લાખનું રૂપિયાના સિક્કાનું પરચૂરણ પડ્યું છે.તે આપવાની ઓફર કરી.દુકાનદાર તેની વાતમાં આવી ગયા અને રોકડા રૂપિયા ૧.૨૫ લાખ આપી દીધા હતા. દુકાનદારે નોકર શિવપાલને પોતાની ફ્ન્ટી કાર આપી અને અજાણ્યાને સાથે લઈ જવા કહ્યું હતું. અજાણ્યો ઈસમ સિટી લાઈટ પાસે આવેલા આશિર્વાદ પાર્કના ગેટ નંબર ૧ પાસે લઈ ગયો અને કહ્યું કે હું પરચૂરણ લઈને આવું છું તમે ગાડીમાં જ બેસી રહો. આવું કહ્યા બાદ અજાણ્યો ઈસમ ગયો તે ગયો, પાછો આવ્યો જ નહીં.આમ, દુકાનદાર માટે ગોળી પણ ગઈને ગોફણ પણ ગઈ.

સિક્કાઓના એકમ કરવાથી કોઈ અમીર બની શકે ખરો? જેનો જવાબ હામાં હોઇ શકે. બ્રિટનમાં વેસ્ટ યોર્કશાયરના ૩૬ વર્ષીય મેથ્યુને સિક્કા સંગ્રહ કરવાનો શોખ હતો. તેના પિતા બસ ડ્રાઈવર હતા અને તે જેટલા સિક્કા લાવતો હતો તેટલા સિક્કા પણ લેતો હતો. ખાસ કરીને તેમને ૫૦ પૈસાના સિક્કા જમા કરાવવાનો ખૂબ શોખ હતો.તેણે સંગ્રહ કરેલ સિક્કાને કદી વાપરતો નહીં.તેની પાસે તેમની પાસે ઘણા વધુ કિંમતી સિક્કાઓ છે. જેમાં ૫૦ પાઉન્ડનો કેવ ગાર્ડન, જેમિમા પુડલડક અને બે પાઉન્ડનો ગનપાઉડર પ્લોટ કોઇન સામેલ છે. તેને ખરીદવા માટે લોકોમાં સ્પર્ધા છે. ચેંજ ચેકરના જણાવ્યા અનુસાર, ૨૦૦૯નો કેવ ગાર્ડન ૫૦ પૈસાનો સિક્કો સૌથી દુર્લભ છે. હાલમાં માત્ર ૨,૧૦,૦૦૦ સિક્કાઓ અસ્તિત્વમાં છે. એટલા માટે લોકો તેના માટે સેંકડો રૂપિયા આપવા તૈયાર છે.તેણે સિક્કા વેચાણ કરવાનો નિર્ણય કરેલ. તેના પહેલા દિવસે પહેલા દિવસે તેને સિક્કાઓમાંથી ૩૦૦ પાઉન્ડ એટલે કે લગભગ ૩૦ હજાર રૂપિયા મળ્યા. ૫૦ પૈસાનો એક સિક્કો ૧૫૭ પાઉન્ડમાં વેચાયો.

**ભરત વૈષ્ણવ**